# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 21 • ISSUE : 19 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH MAY 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com





**શ્રી ગોવિંદજી જેવત ખોનાની**

**સુકૃત કલ્પલતા**

અચલગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તી સાધ્વીજી **શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.**ના કનકાવલી મહાતપના પારણાના કાર્યક્રમના આમંત્રણ પત્રિકા પર કંકુ છાંટણા પાલીતાણા ખાતે અધ્યાત્મયોગી **ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા.**ની પાવન નિશ્રામાં લાભાર્થી પરિવાર **માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા પરિવાર** (કચ્છ, બાંડીયા – ભાંડુપ, મુંબઈ)ની ગરીમામયી ઉપસ્થિતીમાં સંપન્ન થયેલ. ખુબ ખુબ અનુમોદના.










લાભાર્થી પરિવાર :

**માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા પરિવાર** (બાંડીયા – ભાંડુપ)

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



**માતુશ્રી લીલાવંતી કુંવરજી ધરમશી**

અનંત યાત્રા : તા. ૨/૫/૨૦૧૮



## "મા"

ધરતી પરનું અલૌકિક સર્જન, અદ્‌ભૂત સત્ય એટલે મમતામયી 'મા',
સંબંધની સરિતા, પ્રેમનો પ્રવાહ, કુટુંબનો કિલકાર, વાત્સલ્યનો રણકાર,
મર્યાદાની મૂરત, બલિદાનની પરાકાષ્ઠા, પુણ્યનો પ્રભાવ, પરિવારનો પરિચય,
પવિત્રતાની પ્રતિમા, કલયુગમાં સતયુગનો અહેસાસ કરાવતી મારી 'મા'.
આપની વસમી વિદાય ને વરસ વિત્યું એ દુનિયાની નજરે,
પરંતુ મારા માટે તો આપનો વહાલસોયો હાથ મારા માથે હરહંમેશ છે જ.
'મા' ના ચરણોમાં રહેવું એ ઈશ્વરનું વરદાન છે.
મહત્વ દુનિયામાં દરેકનું, પરંતુ સૌથી ઉપર મારી 'મા' આપનું જ સ્થાન છે.
'મા' નું સ્મિત એ ભગવાનનું માન છે. એ માનમાં બહુમાન ઉમેરી
અમે ભગવાન પાસે આપના આત્માની પરમ શાંતિ ઈચ્છીએ.
પાનખરમાં વસંતની યાદ અપાવે એવી મારી 'મા' ને
શ્રધ્ધા સુમન અર્પણ કરતાં આપના બાળકો...

**દિપક – કલ્પના – ધૈર્ય – નીલ**

**શોકમગ્ન પરિવાર**

**શા. ખીમજી આણંદજી ધરમશી**

**શા. કુંવરજી આણંદજી ધરમશી** (કોઠારા - નવી મુંબઈ)

**શા. હંસરાજ વેલજી મૈશેરી** (કોટડી મહાદેવપુરી - ગોરેગામ)

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**અંક નં. ૧૯**
**Date : 05-05-2019**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ



**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


**તંત્રી સ્થાનેથી**

## આપવાનો આનંદ માણો

મારી બિલ્ડીંગમાં રહેતા એક ધનિક વયોવૃધ્ધ માજીને મેં લીફ્ટમેન તથા વૉચમેનને પોતાના હાથે ચા-બીસ્કીટ વહેંચતા અનેક વર્ષોથી જોયા છે. લીફ્ટમેન તથા સુરક્ષાકર્મીઓ તેમની એજન્સીઓ દ્વારા નિયમિત રીતે બદલાતા રહે છે છતા પણ આ માજીના વ્યવહારમાં કોઈ જ ફરક નથી થયો. દરરોજ સવારે તેઓ આવું માનવતાભર્યું કાર્ય કરતા જ રહે છે.

હું છ-સાત વરસનો હતો ત્યારનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. એ જૂના જમાનામાં ૨૬મી જાન્યુઆરીના દિવસે મુંબઈને રોશનીથી સુશોભિત કરવામાં આવતું હતું જે જોવા હું ટ્રકમાં અન્ય બાળકો સાથે જતો. રસ્તામાં એક ઠેકાણે અમને બધા બાળકોને વયસ્કો દ્વારા આઈસક્રીમ કેન્ડી આપવામાં આવતી. અમે કેન્ડીની મજા માણતા ત્યારે એક ભિક્ષુક બાળક અમને બધાને જોતા હતો. અમારામાંથી એક બાળકે પોતાની કેન્ડી તે ભુક્ષુક બાળકને આપી દીધી. બાકીના બધા બાળકો કેન્ડીની મજા લેતા રહ્યા. એ બાળકને ખબર હતી કે તેને બીજી કેન્ડી મળવાની નથી છતાં પણ તેણે પોતાની કેન્ડી ભિક્ષુક ને આપી દીધી. તેણે પોતાનું સર્વસ્વ દાન કર્યું એવું મને લાગે છે. હું ઉપરોક્ત બન્ને વ્યક્તિઓને મહાન દાતાઓ માનું છું. કારણ કે તેમણે કરેલા કાર્યના બદલામાં તેમણે કોઈજ અપેક્ષા નહોતી રાખી.

વર્તમાન સમયમાં હું જોઉં છું કે અમૂક દાતાઓ નામ અને પ્રસિધ્ધ માટે મોટી રકમના દાન આપે છે પરંતુ તેમના કુટુંબીજનો મુશ્કેલીભર્યું જીવન વ્યતીત કરી રહ્યા છે. તેમની આસપાસના લોકોની સ્થિતિ પણ સારી નથી તથા તેમના વ્યવસાયિક પ્રતિષ્ઠાનના કર્મચારીઓ પણ નાની નાની સુવિધાઓ માટે સંઘર્ષ કરતા રહે છે.

આપણા પડોશીઓ, વડીલો તથા આસપાસના જરૂરતમંદોને ઘણી બધી નાની નાની બાબતોમાં મદદરૂપ થઈ શકીએ. મુશ્કેલ પરિસ્થિતિમાં નાની મદદ મળવી પણ જરૂરતમંદ માટે ખૂબજ મહત્વની બની રહે છે એટલે કોઈપણ પ્રકારની મદદ એ નાની વાત નથી.

મારું માનવું છે કે સૌ પ્રથમ પોતાના પરિવારજનોને તે પછી કર્મચારીગણને, ઘરનોકર, બીલ્ડીંગના કર્મચારીઓને મદદ કરવી જોઈએ તે પછી તેમની પાસે સગવડતા હોય તો અન્ય સામાજીક વ્યવસ્થા માટે મદદરૂપ થવા દાન કરવું જોઈએ. નામ અને પ્રસિધ્ધિ પાછળની દોડમાં પોતાની આસપાસના જરૂરતમંદો ભૂલાઈ ન જવા જોઈએ. કશુંક આપવાનો આનંદ જીવનનો મોટા આનંદ છે. ક્યારેક કશુંક આપી જોજો... ખરેખર મજા પડશે.


**– હિરાચંદ દામજી દંડ**
hirachanddand@gmail.com, Mob.: 7738508150


### ચર્ચાને ચોતરે વિભાગ અંગે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય. **– તંત્રી મંડળ**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઇટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## કચ્છી જૈન બાલાશ્રમ નલિયા બાબતે અનુરોધ




જ્ઞાતિ શિરોમણી અને સમગ્ર જૈન જ્ઞાતિના વંદનીય એવા શ્રી નરશી નાથાના દાન અને દીર્ઘ દૃષ્ટિપણા થી ઉભા થયેલ જૈન બાલાશ્રમ - નલિયામાં રહીને જૈન જ્ઞાતિના ઘણા વિદ્યાર્થીઓએ પોતાનું તથા જૈન કુળનું નામ દીપાવ્યું છે. પરંતુ એ ભવ્ય સંસ્થા આશરે પાંચ - છ વર્ષથી બંધ થઇ જવાને કારણે વેરાન વગડા જેવી ભાસે છે. પણ ખેદ એ વાત નો થાય છે કે, આવી જાજારમાન સંસ્થા બંધ પડ્યા બાદ તેને ચાલુ કરવા કોઇ સક્રિય પ્રયાસ થયેલ નથી.

અબડાસાની ભૌગોલિક આર્થિક અને શૈક્ષણિક હાલત જોતાં આપણું જૈન બાલાશ્રમ ફરી ચાલુ થાય એવી તાતી જરૂરિયાત છે. વળી પ્રાતઃ સ્મરણીય મહાદાનવીર એવા શેઠ શ્રી નરશી નાથાનું દાન અનને દૃષ્ટિ એળે ન જાય એ જોવાની પણ આ પણ આપણી સૌની ફરજ છે.

એવા સંજોગોમાં હાલના તબક્કે કમ સે કમ ૧ (એક) ધોરણથી ૫ (પાંચ) ધોરણ સુધીની ગુજરાતી અને ઇંગ્લીશ મીડીયમની સ્કૂલ શરૂ થાય તો અબડાસા અને આજુબાજુના પછાત તાલુકાઓના લોકો માટે ખૂબ આર્શીવાદ રૂપ સાબિત થશે અને પરમ આદરણીય શેઠ શ્રી નરશીનાથા ની ગાથા ચાલુ રહેશે.

અપેક્ષા રાખું છું કે, એ દિશામાં આપણે સૌ વડીલો - ભાઇઓ - બહેનો - મિત્રો સાથે મળીને વિચારીએ અને શુભ વિચારને અમલમાં મૂકીએ અને એ બાબતે જૈનેતર ગામવાસીઓનો પણ સંપૂર્ણ સહકાર મળશે એની પણ સંપૂર્ણ ખાત્રી છે.

**- જયા એચ. પીર, નલિયા - કચ્છ**

### માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક : ફોન અને વૉટસએપ નં.**
હીરાચંદ દંડ - **7738508150,**
ઉદયન શાહ - **8779647886,**
ઈમેલ : **kdoprakash@gmail.com**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રી ગોવિંદજી જેવત ખોનાની ગૌરવગાથા
## અતિતની અટારીએથી......

ભારત વર્ષની ભવ્ય ભૂમિ પર કચ્છની ધીંગી ધરામાં આવેલું ગામ નલીયાના કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ શેઠ શ્રી નરશીનાથા જેવા અનેક નરરત્નોની ભેટ ધરી છે. એ જ શ્રેણિમાં શોભતું નામ સંઘવી શ્રી ગોવિંદજી જેવત ખોના એટલે જ અનેક સુકૃતોથી સભર એમનું જીવન અત્યંત અનુમોદનીય બન્યું હતું. ધાર્મિક સુકૃતોની સાથે તેઓ **પોતાની જન્મભૂમિ નલીયામાં** પણ એટલો જ ભોગ આપતા હતા કુદરતનો કેર કચ્છ પર અવાર નવાર ત્રાટકયો ત્યારે તેઓ વિના વિલંબે મદદે જઇને **કચ્છવાસીઓમાં અનાજ, કપડાં, ધાબળાં વગેરેનું વિતરણ કરી પોતાનું કર્તવ્ય બજાવતા.** તેઓ ગામ મહાજન, શ્રી ચંદ્રપ્રભસ્વામી દેરાસર, પાંજરાપોળ, દવાખાનું અને બાલાશ્રમ તથા નલીયાવાસી પરિવારોની સંભાળ લેતા. શ્રી અંનતનાથજી દેરાસર જૈન ચેરીટીઝ ટ્રસ્ટમાં ટ્રસ્ટી પદે રહીને સેવા પ્રદાન કરી. એમની ન્યાય પ્રિયતા અને સત્યનિષ્ઠાના કારણે **ઈસ્ટ ઈંડિયા કોટન એશોસીએશનના ચેરમેન પદે બિરાજીત થયા** અને નિષ્ઠાપૂર્વકની સેવાને ધ્યાનમાં લઇને **આર્બી ટ્રેટર તરીકે તેઓની** નિમણુંક કરી હતી. પોતાના સ્વજનો કે પરિવારજનો જ નહીં પરંતુ અનેક જ્ઞાતિજનોને સહાયક બની તેઓ એમના માટે આદરણીય સ્વજન બન્યા. **મોરબીમાં આવેલા ભયંકર કુદરતી આફત** વખતે તેઓએ ત્યાંના સાધર્મિકોને ફરીથી પગભર કરવા રૂપે ભકિત કરી. ઇતરકોમને પણ સહાય રૂપે અનાજ, કપડા, ધાબળા, જીવન જરૂરિયાતની સામગ્રીનું વિતરણ કર્યું હતું. નાત જાતના ભેદ આવા ઉત્તમ આત્માઓને નડતા નથી હોતા.

**એમના સામાજીક જીવનની એક ઝલક..** જેની ભીતરમાં એક ધર્માત્માનું હૃદય ધબકતું હતું. વેપાર અર્થે કચ્છથી મુંબઈ આવેલા ગોવિંદજીભાઈને એક એવા **પારસમણિનો સંસ્પર્શ થયો** જેણે એમના જીવનને સોનવર્ણું બનાવી દીધું એ પારસમણિ એટલે જૈન શાસનના મહાન જ્યોતિર્ધર વિરલ વિભૂતિ, **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !** જેમણે ગોવિંદજી ભાઈને મનુષ્ય જન્મની દુર્લભતા અને સાર્થકતા બન્ને સમજાવ્યા.

**પૂજ્ય ગુરૂદેવે આપેલી સમજને હૃદયની અંજલિમાં ઝીલી લઈને** ગોવિંદજીભાઈએ પોતાના ધર્મપત્ની જ્યાબેનના સથવારે જીવનને જ સુકૃતોથી મઢી દીધું પોતાના હૃદયમાં બિરાજમાન પરમાત્માને **મુલુંડમાં પોતાના ઘરે પધરાવવા માટે ગૃહમંદિર બનાવ્યું** પરમાત્માની ભકિતમાં તેમનો આત્મા ખરેખર ખીલી ઉઠતો આ પરમાત્મા પ્રીતિ એ કામ એ કર્યું કે હવે તેમને પોતાના સ્વજનો-પરિવારજનો ને પણ પરમાત્માનો પરિચય કરાવવાની ઝંખના જાગી તેથી જ તેઓ પોતાના પુત્ર-પુત્રીના જન્મદિવસ જેવા અવસરોને એ રીતે ઉજવતા કે તેમાં આવનારા પરમાત્માની સમીપ આવે. કયારેક સહુ ને તીર્થયાત્રા કરાવતા તો કયારકે ચૈત્યપરિપાટીના આયોજનો કરતાં. **શ્રી સમેતશિખરજી તીર્થ ઉપર જલમંદીરના જીર્ણોદ્ધારમાં લાભ લઇ** પાયાની ભૂમિકા ભજવી.

ગોવિંદજીભાઈના હૃદયમાં જાગેલી પરમાત્માની પ્રીતિ વધુ ને વધુ ગાઢ બનતી ગઈ પૂજ્ય ગુરૂદેવશ્રીની પ્રેરણા...! **તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિ ઉપર દાદાની ટુંકમાં દેરી નં. ૨૪માં** બે પરમાત્માની પ્રતિષ્ઠા અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્વક કરાવી. પૂજ્ય ગુરૂભગવંતશ્રીના સતત સાંનિધ્યમાં રહેનાર તેઓએ રાજસ્થાનની તીર્થભૂમિ **સાદડી થી શ્રીરાણકપુર તીર્થનો પંચતીર્થ સહિત છ'રી પાલિત (પ્રથમ સંઘ)** કાઢ્યો.

**એમનું મન એટલાથી કયાં સંતોષાવાનું ?** અમૃતના ઘૂંટ તો જેટલા પીયે તેટલા ઓછા જ લાગે એ ન્યાયે પછીના વરસે શ્રી શત્રુંજ્યતીર્થ થી **શ્રી કદંબગિરિ તીર્થનો ૧૨ ગાઉનો છ'રી પાલિત (બીજા સંઘનું)** આયોજન કર્યું. ભકિતની સાથોસાથ તપનો મહિમા સમજનારા તેઓએ પાલિતાણામાં નવપદજીની ઓળીની આરાધના અનેક ભાગ્યશાળીઓને કરાવીને લાભ લીધો અને **ગંધારતીર્થમાં શ્રી સંભવનાથ સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.**

**નવું વર્ષ આવે ને ગોવિંદજીભાઈ અને જ્યાબેનના હૈયામાં ભકિતના નવા-નવા મનોરથો જાગે !** એ મનોરથો પણ કેવા અદ્‌ભુત કે પૂજ્ય ઉપકારી માતા-પિતા-પુત્ર-પુત્રી દરેકના નામે ખાણમાંથી અત્યંત સફેદ આરસપહાણ કઢાવી પોતાના ધરેજ સોમપુરાઓ પાસે શુદ્ધ વિધિપૂર્વક શ્રી જિનપ્રતિમાનું નિર્માણ શરૂ કરાવ્યું ! **એમની ઈચ્છા જ એવી કે ફલિત થયા વગર રહે નહિ...**

**પરિવારમાં પણ આ મારા ભગવાન !** એવી પરમાત્મા પ્રત્યેની મમત્વ ભાવનાના બીજ રોપ્યાં ! સમય વીતતો ગયો અને શ્રી જિનપ્રતિમાઓ ઘડાઈને તૈયાર થઈ ગઈ હવે પ્રતિક્ષા હતી પ્રાણપ્રતિષ્ઠા કરનારા પૂ. ગુરૂદેવની, ૧૦ વર્ષના અંતરાલ પછી મુંબઈ પધારી રહેલા શાસન પ્રભાવક ભવભજલતારક ધર્મદાતા ગુરૂભગવંતનો એમણે ભવ્યાતિભવ્ય **પ્રવેશ મહોત્સવ કર્યો. સાચા હિરાની ગહુલીથી** પરમતારક ગુરુદેવને વધાવ્યા, રચના સહિત શ્રી અષ્ટાપદજી તીર્થની પૂજા તથા લઘુશાન્તિ સ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવીને મંગલ કર્યું.

**માટુંગામાં જીવણ અબજી જ્ઞાનમંદિરમાં પૂજ્ય ગુરૂદેવનું ચાતુર્માસ કરાવ્યું** અને ચાતુર્માસ પરિવર્તન ''ગિરિવિહાર પોતાના નિવાસ સ્થાને'' કરાવીને લાભ લીધો. મંગલ મુર્હૂતો અને શુભ ઘડીએ નિર્માણ કરેલ **શ્રી જિન્નબિંબોની અંજનશલાકાનો** મુંબઇમાં પ્રથમ વખત ૨૧ દિવસનો ભવ્ય મહોત્સવ માંડ્યો. આ ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવે આખા મુંબઈને ઘેલું લગાડયું હતું, આખા મહોત્સવ દરમ્યાન પ્રતિદિન ત્રણેય સમયની સાધર્મિક ભકિત આદરપૂર્વક બેસાડીને કરાવી. મુંબઇમાં પ્રથમ વખત આવો અંજનશલાકા મહોત્સવ સંપન્ન થયો હશે.

**પ્રભુભકિતની સાથે જ એમના હૃધ્યમાં ઉછળતી ગુરૂભકિત એમના પ્રસંગોમાં નજરે ચડતી,** ઘરઆંગણે જ શ્રી નંદીશ્વરદ્વીપની પૂજા રચના સહિત ભણાવીને પૂ. ગુરૂદેવના ફાગણ વદ ૨ ના ૫૩મા વડીદીશ્રા દિનની ઉજવણી કરી, **ગૃહમંદિર પણ સંગેમરમરી** સુંદર ધવલ પાષાણમાં એવું તૈયાર કરાવ્યું કે જોતા જ અહોભાવ જાગે એમાં બિરાજમાન થનારા **શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માની ચલપ્રતિષ્ઠાની મંગળ ઘડી આવી.** આ પ્રસંગે સોના માં સુગંધ ભળે એમ એક **મુમુક્ષુ ભાઈની દીક્ષા** કરાવવાનો લાભ લીધો. જેઓ શ્રી નરવાહન વિજયજી મ.સા. બન્યા.

ગુહમંદિરમાં તો પ્રભુ પ્રતિષ્ઠા કર્યા બાદ હવે અગિયારેય પરમાત્માને બીરાજમાન કરવા સ્વદ્રવ્યથી જિનાલય નિર્માણ કરવાની ભાવના હતી તે માટે યોગ્ય જગ્યામેળવવા માટે ચારે તરફ નજર દોડાવી. **''ઉત્તમ અને સમર્પિત આત્માઓ પર પ્રભુકૃપા અને ગુરૂકૃપા''** કેવી વરસતી **હોય છે તે જોવું હોય તો ગોવિંદજીભાઈના જીવનમાં સાક્ષાત્ દેખાઈ આવે !**

**એમની ભાવનાને સાકાર કરે તેવી ભૂમિ શાશ્વત તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિ પર તળેટી અને બાબુના દેરાસરની વચ્ચે પ્રાપ્ત થઈ ! અને સંગેમરમરમાં નાજુક જિનાલયનું સ્વદ્રવ્યથી જ નિર્માણ કરાવવાનો એમનો મનોરથ અહીં સાકાર બન્યો ! ખનન અને શિલાસ્થાપન બાદ જિનાલયનું કામ તેજગતિથી શરૂ કરાવ્યું.**

આ દરમ્યાન પણ જાણે સુકૃત અનુષ્ઠાન વગર ચેન ન પડતું હોય તેમ એમણે શ્રુતભકિત નિમિતે ૪૫ આગમની પૂજા નો ભવ્ય ઉત્સવ ઘરમાં આગમ પધરાવીને ઉજવ્યો.

નૂતન જિનમંદિરનું કામ તો હવે પૂર્ણતાના આરે પહોંચ્યું હતું. હવે અગિયારે શ્રી પ્રતિમાજીઓ બહુમાનપૂર્વક પાલિતાણા લઈ જવાનું આયોજન તેમના મનમાં ચાલવા લાગ્યું પણ પૂજ્ય ગુરૂભગવંત કે જેઓના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવવી હતી તેઓશ્રી ખંભાત માં બિરાજમાન હતાં તેથી **મુંબઈથી અનેક સ્વજનો અને સાધર્મિકો બસ મારફત અનેક તીર્થોને જુહારતા ખંભાત જવું.** એવું આયોજન થયું અને ૧૨૦૦ આરાધકો સાથે કદાચ પ્રથમ વખત આવું ભવ્ય આયોજન થયું હશે.

**દેવવિમાન તુલ્ય વિશાળરથ તૈયાર કરાવી** ને પોતાના પ્રાણથી પણ પ્રિય એવા અગિયાર શ્રી પ્રતિમાજીઓને તેમાં અત્યંત બહુમાન પૂર્વક પધરાવી ને બહુ જ ધૂમધામથી સંઘનું પ્રયાણ કરાવ્યું થાણા વાપી, સુરત, કાવી, ગંધાર, ઝઘડિયાજી, પાદરા અનકે તીર્થોને જુહારતાં જુહારતાં સંઘ સાથે ખોના પરિવાર ખંભાત પહોચ્યો. અહીથી પૂજ્ય **ગુરૂદેવશ્રીની સાથે છ'રીના પાલનપૂર્વક શ્રી સિધ્ધગિરિરાજના (ત્રીજા સંઘનું)** ઠાઠમાઠથી ભવ્ય પ્રયાણ થયું. દરેક મુકામ પર રત્નપુરી નગરીની રચના થતી. અનકે શામિયાણાઓની બનેલી આ વિશાળ નગરીને તથા દેવવિમાન સમાન સંદેશ જિનમંદિર રથને નિહાળવા આસપાસના ગામના લોકોના ટોળેટોળાં ઉમટી પડતાં. પધારનાર સાધર્મિકોની ભકિત કરાવી અને જૈનેતરોને અનુકંપાદાન અપાતું. અત્યંત ઉદારતાપૂર્વક અને હૃદયના અનન્ય ભકિતભાવ સાથે આ સંઘ શ્રી સિદ્ધગિરિની છત્ર છાયામાં પહોચી ને **દાદાના દરબારમાં સપરિવાર તીર્થમાળ પહેરી શ્રી આદીશ્વરદાદા ને મુગટ તથા નવલખો હાર પહેરાવી ને શિખર પર નવી ધજા લહેરાવી !**

**અગિયાર પરમાત્મા બિંબો સાથે પલિતાણા પહોંચ્યા પછી પ્રતીક્ષા હતી પ્રતિષ્ઠાના મુહુર્તની !** એ ધન્યદિન મંગલ મુહૂર્ત અને શુભ ઘડી હતી. વિક્રમ સંવત ૨૦૨૫ ના વૈશાખ સુદ ૬, બુધવાર, **સને ૧૯૬૯માં દરેક શ્રી પરમાત્માને સ્વદ્રવ્યથી નિર્મિત નૂતન જિનાલયમાં** પોતાના ઉપકારી ગુરૂ ભગવંતશ્રીની વરદનિશ્રામાં મહામહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા કરી ! સોનામાં સુગંધ ભળે તેમ આજ દિવસે ઉપકારી ગુરુભગવંતનો **સૂરિપદ** પ્રાપ્તિનો શુભદિવસ હતો. જીવનનાં તમામ સુકૃતોના શિખર પર જાણે કળશ ચડાવ્યો ! એ **શ્રી ધર્મનાથ જિનપ્રાસાદ ની ૫૦ મી સાલગિરિના અવસરે** અમારા હૃદય આનંદથી ઉછળે અને ગૌરવ અનુભવે તે સ્વાભાવિક જ છે.

**વિ.સં. ૨૦૨૫ની સાલનું પૂ. ગુરૂદેવશ્રીનું ચાતુર્માસ શાશ્વત તીર્થભૂમિ-પાલિતાણામાં કરાવ્યું.** અને ચતુર્વિધ શ્રી સંઘને તળેટીની ૯૯ યાત્રા કરાવી.

સુકૃતોની શૃંખલામાં પછીના વરસે પૂ. ગુરૂદેવનું ચાતુર્માસ જામનગરમાં હતું ત્યાં મેરૂપર્વતની રચના સહિત સ્નાત્ર મહોત્સવની ભવ્ય ઉજવણીનો લાભ લીધો. કચ્છ **નલિયામાં શ્રી ચન્દ્રપ્રભસ્વામી પ્રભુની ટુંકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી.**

દર વર્ષે ચાતુર્માસમાં દોઢ-બે મહિના ગુરૂનિશ્રામાં સપરિવાર રહેનારા તેઓ જિનવાણી શ્રવણના અનુરાગી હતા. પૂ. ગુરૂદેવ જે ફરમાવે તે તરત ઝીલી લઈ અમલ કરવાનો એમનો સ્વભાવ હતો એક વખત પ્રવચનમાં પૂ. ગુરૂદેવે સંઘપૂજાની વાત કરતા કહ્યું કે વિધિ પૂર્વક સંઘપૂજા કરવી એ શ્રાવકનું કર્તવ્ય છે. એ જ પ્રવચન ના અંતે ગોવિંદજીભાઈએ સકલ શ્રી સંઘનું (એ સમયે) ૧ રૂપિયો તથા શ્રીફળ આપી તિલક કરીને બહુમાન પૂર્વક સંઘપૂજન કર્યું જેના અનુકરણ આજે પણ ઘણા સંઘોમાં થાય છે.

**દરકે પ્રસંગ ઉડીને આંખે વળગે એવી ઉદારતા સાથે એમની અપૂર્વ વિનમ્રતા !** આવો સુયોગ મળવો બહુ દુર્લભ કહેવાય છે પણ ગોવિંદજીભાઈના જીવનમાં એ સહજ નજરે ચડી આવતો સ્વભાવમાં કે વ્યવહારમાં કયાંય મોટાઈ નહી. બલ્કે હમેશા કોઈના પણ માટે **સહાયક બની રહેવાના ગુણથી** તેઓ બધાથી અલગ તરી આવતા.

જેમ શ્રી જિનપ્રતિમાનું નિર્માણ ઘરે કરાવ્યું, તેવી જ રીતે લહિયાને ઘરે બેસાડીને વિધિ અને શુધ્ધ પૂર્વક **પાંચ આગમો સોનાની શાહીથી લખાવ્યા અને પાંચ છોડ** ભરાવીને ઉદ્યાપન મહોત્સવ કર્યો.

**શ્રી મહાવીસ્વામી પરમાત્માના ૨૫૦૦ માં નિર્વાણ કલ્યાણકની** ભવ્ય અને શાસ્ત્ર સંગત તથા પરમાત્માના અનુપમ વ્યકિતત્વને છાજે તેવી અદભૂત રથયાત્રા નું આયોજન શ્રી લાલબાગ જૈન સંઘમાં કરી લાભ લીધો.

તીર્થભકિત પણ કેવી વસી હશે એમના હદયમાં કે શ્રી શાશ્વત ગિરિરાજ પર તો જિનમંદિર નું નિર્માણ કર્યું પણ ત્યાં જ ન અટકતાં **આબુ તીર્થમાં લુણવસહી તેમ જ વિમલવસહીમાં પાંચ દેરીનો લાભ** લઈ પાંચ પરમાત્માની પ્રતિષ્ઠાનો લાભ લીધો ચૌમુખજીના મંદિરમાં પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો લાભ લીધો. **શ્રી હસ્તગિરિજી તીર્થમાં શ્રી કુંથુનાથસ્વામી** ભગવાન પ્રતિષ્ઠાની દેરી નં. ૩૪માં કરાવી. વળી શાસનપતિ પ્રભુ શ્રીવીર પરમાત્માની અંતિમ દશેના ભૂમિ રૂપ **સમવસરણતીર્થ-પાવાપુરીમાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માની પ્રતિષ્ઠા નો અમૂલ્ય લાભ લીધો.**

**ગોવિંદજીભાઈ અને જ્યાબેન દરેક પ્રસંગને ઉદારતાથી મઢી દેતા.** એટલું જ નહી. દરકે બાબતમાં પૂજ્ય ગુરૂદેવશ્રીની આજ્ઞાને શિરોધાર્ય કરીને જ આગળ વધતાં સાંસારિક વ્યવહારો માં નીરસતા અનુભવનારા તેઓ કયારયે પણ પોતાનું ઉચિત કર્તવ્ય ચૂકતા નહોતા પરિવાર પણ તેમના ઉત્તમ સંસ્કારોના સીંચનથી એ જ માર્ગે આગળ વધતો રહ્યો તેઓશ્રીના આત્મશ્રેયાર્થે માટુંગામાં પૂ. ગુરૂદેવશ્રીની ઘરે પધરામણી કરી તેઓશ્રીની નિશ્રામાં જિનભકિતનો મહોત્સવ યોજ્યો. **શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રી ધર્મનાથ જિનપ્રાસાદના પરિસરમાં તેઓની ભાવનાને સાકાર કરતું સુંદર ગુરૂમંદિર** બનાવી **તેમાં ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. મુંબઈમાં સૌ પ્રથમ માટુંગાના ગૃહમંદિરમાં પણ ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા કરી તેમ જ માટુંગામાં ઉજવાયેલા ભવ્ય અંજનશલાકા મહોત્સવ તેમજ ચાતુર્માસ અને** શ્રી સિમંધરસ્વામી જિનાલયના જીર્ણોદ્ધારમાં મુખ્ય આયોજક તરીકે લાભ લીધો. દેવાચી આણદીમાં દેરી નં. ૭૬ માં શ્રી પાર્શ્વનાથ પરમાત્માને બીરાજમાન કર્યા.

શ્રી ગોવિંદજી જેવત ખોના-જ્યાબેન ગોવિંદજી ખોના દ્વારા સ્વદ્રવ્યથી નિર્મિત શ્રી ધર્મનાથ જિનપ્રસાદની અર્ધ શતાબ્દીના આ અવસરે અમારો પરિવાર ગૌરવ અનુભવે છે. દુનિયામાં વારસો તો બધા માતા-પિતા આપી જતાં હોય છે પરંતુ આવો અલૌકિક અને અમૂલ્ય વારસો આપનારા **માતા-પિતા જગતમા વીરલ જ હોય છે આ અવસરે એમના ચરણોમાં શત-શત વંદન...**

## વંદનકર્તા....

**સૌ. ધનલક્ષ્મી-મધુકર**
બેન પ્રિતી
બેન શીલ્પા-હેમાંગકુમાર
ક્રિતીકા
સૌ. સંજના-કૌશીક

**સૌ. વિણા-રાજેન્દ્ર**
બેન જીનાલી નિરજકુમાર
નેમિશ-ધ્વની
સૌ. દીપાલી અમિશ
ધ્વનીલ-ભવિક
બેન પ્રિયંકા જતીનકુમાર
શ્લોક-નમન

**સૌ. રીના-રવિન્દ્ર**
સૌ. ક્રીતિકા-પ્રીયેન
કુમારી કિમાયા

**સૌ. હિના-દેવેન્દ્ર**
સૌ. વિશાખા-વિનમી

**બેન ભારતી દિપકકુમાર**
બેન દીપ્તી-અહી,
બેન કેતકી
સૌ. આશા-ગૌતમ
અર્નવ

**બેન કુસુમબેન મહેન્દ્રકુમાર**
બેન હિરલ જીગ્નેશકુમાર-યશ
બેન ડિમ્પલ મૂલરાજકુમાર-મોનીશ
બેન સ્નેહલ ધર્મેશકુમાર-ચિંતન
જય

**બેન રશ્મિ ભરતકુમાર**
બેન કોશા-શ્રુત
ચિ. વિશીલ
(પૂ. ગણિવર્ય શ્રી
વિનયવર્ધન વિજયજી મ.)

**બેન સુનિતા પ્રતાપરાય**
બેન ઋજુતા

**બેન અમિતા અતુલકુમાર**
બેન કીશીતા ધવલકુમાર-જીનાંશ
બેન હર્ષીની અંકુશકુમાર-જીયાંશ

# તારીખ અને તવારીખ

ઈ.સ.

૧૯૪૭ : કવિકુટીલ પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય લબ્ધિ સૂ. મ. ની. તારક નિશ્રામાં મુલુંડ નિવાસસ્થાને ગૃહમંદિર બનાવ્યું.

શ્રી નવપદજીની ઓળીની આરાધના કરાવી. ભવોદધિતારક પૂજ્ય આચાર્ય દેવ શ્રી. વિ. મુકિતચંદ્ર સૂ. મ. ની. નિશ્રામાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિકૃતિ મુલુંડના ઉપાશ્રયમાં મૂકવાનો લાભ લીધો.

૧૯૫૨: ચિ. રાજેન્દ્રની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી અગાશી તીર્થની રેલ્વે દ્વારા ૪૦૦ સાધર્મિકોને યાત્રા કરાવી.

૧૯૫૪: શ્રી વર્ધમાન તપનો પાયો નાખ્યો અને ઉજમણાપૂર્વક અનુષ્ઠાન કર્યું.

૧૯૫૬: પાવાપુરીજી તીર્થમાં સમવસરણ મંદિરમાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માનું જિનબિંબ ભરાવી પ્રતિષ્ઠા કરાવી.

૧૯૫૭: શ્રી સમેતશિખરજીના જલમંદિરના જિર્ણોદ્ધારમાં મુખ્ય દાતા

૧૯૫૮: ચિ. રવિન્દ્રની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદમાં હઠીભાઈની વાડીના જિનાલયની ચૈતયપરિપાટીનું આયોજન કર્યું. મુંબઈમાં ૪૦૦ સાધર્મિકોને બોરીવલી, થાણા, વાલકેશ્વરની ચૈત્યપરિપાટી બસ દ્વારા કરાવી.

૧૯૫૯: શ્રી શત્રુંજ્ય ગિરિરાજ પર દેરી નં. ૨૪માં ગોખલામાં શ્રી નેમિનાથ સ્વામી પરમાત્મા તથા શ્રી અભિનંદન સ્વામી પરમાત્માની પ્રતિષ્ઠા અષ્ટાહિનકા મહોત્સવ પૂર્વક કરાવી.

૧૯૬૦: સાદડીથી રાણકપુરજી તીર્થનો પંચતીર્થ સહિત છ'રી પાલિત સંઘ કાઢયો.

૧૯૬૧: શ્રી શત્રુંજ્ય તીર્થથી શ્રી કદંબગિરિ તીર્થનો ૧૨ ગાઊનો સંઘ કાઢયો. પાલિતાણામાં શ્રી નવપદજીની ઓળીની આરાધના કરાવી.

૧૯૬૨: ચતુર્વિધ શ્રી સંઘને ખંભાતના જિનમંદિરોની ભવ્ય ચૈત્યપરિપાટી કરાવી.

ખાણમાંથી વિધિપૂર્વક પાષાણ કઢાવી ઘરમાં જ વિધિ તથા શુધ્ધિપૂર્વક શ્રી જિનબિંબોનું નિર્માણ કરાવ્યું.

૧૯૬૩: પૂજ્ય ગુરૂદેવશ્રીનો મુંબઈ–માટુંગામાં ભવ્યાતિભવ્ય પ્રવેશ મહોત્સવ કરાવ્યો. અને પ્રસંગે રચનાસહિત શ્રી અષ્યપદજી તીર્થની પૂજા, લઘુશાંતિ સ્નાત્ર સહિત શ્રી અષ્ટાહ્નિકા મહોસવ કર્યો. ચાર્તુમાસની પૂર્ણાહૂતિ પ્રસંગે ચાર્તુમાસ પરિવર્તન કરાવ્યું.

૧૯૬૫: ૨૧ દિવસનો ભવ્યાતિભવ્ય – અભૂતપૂર્વ શ્રી અંજનશલાકા મહોત્સવ કરાવ્યો. ગૃહમંદિરમાં શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાન પધારાવ્યા. માટુંગામાં ગૃહાંગણે રચનાસહિત શ્રી નંદિશ્વર દ્વીપની પૂજા ભણાવી. પૂ. ગુરૂદેવની ફાગણ સુદ ૨ની વડીદીક્ષાના ૫૩ માં વર્ષની ઊજવણી કરી.

૧૯૬૬: ગૃહમંદિરમાં ચલપ્રતિષ્ઠા તથા દીક્ષા નિમિત્તે અઠાઈ ઉત્સવ કરાવ્યો. પૂ. મુનીશ્રી નરવાહન વિજયજી મ. સા. ની દીક્ષા કરાવી.

૧૯૬૭: શ્રુતભકિત નિમિત્તે ૪૫ આગમની ભવ્ય રથયાત્રા કાઢી. ઘરમાં આગમ પધરાવી ૪૫ આગમની પૂજા ભણાવી.

૧૯૬૮: શ્રી શત્રુંજ્ય મહાતીર્થની તળેટી ઊપર શ્રાવણ મહિનામાં શ્રી ધર્મનાથ જિનપ્રાસાદનો ખનન તથા શિલારોપણ કર્યું.

૧૯૬૯: મુંબઈથી ખંભાત બસ દ્વારા તથા ખંભાતથી પાલિતાણાનો છ'રી પાલક સંઘ કાઢ્યો શ્રી ધર્મનાથ સ્વામી આદિ ૧૧ પરમાત્માઓને દેવવિમાન તુલ્ય રથમાં પધરાવી સંઘસમેત પાલિતાણા લાવ્યા. શ્રી શત્રુંજયની તળેટી પર સ્વદ્રવ્યથી નિર્મિત સંગેમરમરના ભવ્ય જિનાલયમાં શ્રી ધર્મનાથ સ્વામિ આદિ ૧૧ શ્રી જિનાબિંબોની અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. પૂ. ગુરૂદેવને શાશ્વત તીર્થભૂમિમાં ચાતુર્માસ કરાવી લાભ લીધો. શ્રી ચતુર્વિધસંઘને ગિરિરાજની તળેટીની નવ્વાણું યાત્રા કરાવી.

૧૯૭૦: જામનગરમાં મેરૂપર્વતની રચના સહિત સ્નાત્ર મહોત્સવની ભવ્ય ઉજવણી કરી.

કચ્છ નલિયામાં શ્રી ચંદ્રપ્રભસ્વામિ ભગવાનની ટુંકમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી.

૧૯૭૨: સિંકદરાબાદમાં જિનાલયના શિલાસ્થાપનમાં વિશિષ્ટ લાભ લીધો.

ફાગણ સુદ ૧૨ ગંધાર તીર્થમાં શ્રી સંભવનાથ સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા કરી.

સાંતાક્રુઝમાં ઉપાશ્રયનાં ખનનવિધિ કરાવવાનો લાભ લીધો.

બેલગામ સમીપ ગાટીવાડી ગામે શ્રી જિનાલયનાખનનવિધિ કરાવવાનો લાભ લીધો.

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. ને શ્રી આચારાંગ સૂત્ર વહોરાવ્યું.

૧૯૭૩: ગૃહમંદિરમાં શ્રી સિમંધર સ્વામી ભગવાનની ચલપ્રતિષ્ઠા કરાવી અને ઘરે લહિયા પાસે વિધિપૂર્વક પાંચ આગમો સોનાના અક્ષરે લખાવ્યા

(૧) શ્રી સમવાયાંગ સૂત્ર : ભાગ ૧, ૨, ૩ (૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (૩) શ્રી અનુત્તરોપ પાતિકદશા સૂત્ર

(૪) શ્રી ઔપપાતિક સૂત્ર (૫) શ્રી અનુયોગ દ્વાર સૂત્ર લખાવ્યા તથા

પાંચ છોડ ભરાવવા પૂર્વક ઉજમણું કર્યું.

૧૯૭૪: ચરમતીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માના ૨૫૦૦ માં નિર્વાણ કલ્યાણકનો ભવ્યાતિભવ્ય રથયાત્રા શ્રી લાલબાગ જૈન સંઘમાં આયોજન કર્યું અને લાભ લીધો.

૧૯૭૯: આબુતીર્થમાં વિમલવસહીમાં દેરી નં. ૨૦ માં શ્રીમહાવીર સ્વામિ ભગવાનની તથા દેરી નં. ૫૫ માં શ્રી મલ્લિનાથ સ્વામિની પ્રતિષ્ઠા કરાવી.

૧૯૭૯: લુણવસહીમાં દેરીનં : ૩૫ માં શ્રી આદિશ્વર પરમાત્માની દેરીનં : ૪૫ માં શ્રી આદિશ્વર પરમાત્માની તથા પાર્શ્વનાથ ભગવંતની પ્રતિષ્ઠા કરાવી. ચૌમુખજીમાં પ્રથમ માળે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

૧૯૮૩: શ્રી હસ્તગિરિજી તીર્થમાં દેરી નં : ૨૪ માં શ્રી કુંથુનાથ સ્વામી ભગવાની પ્રતિષ્ઠા કરી.

૧૯૮૮: પરમ પૂ. પિતાશ્રી ગોવિંદજી જેવંત ખોનાના આત્મશ્રેયાર્થે પૂ. ગુરૂદેવ નિશ્રામાં ગૃહાંગણે જિનભકિત મહોત્સવ કર્યો.

૧૯૯૩: મુંબઈમાં સૌ પ્રથમ ગુરૂમુર્તિની ગૃહમંદિરમાં પ્રતિષ્ઠા કરાવી.

૧૯૯૪: શ્રી શાશ્વત તિર્થાધિરાજ **શ્રી ધર્મનાથ જિનાલયના પરિસરમાં** જય તલેટીને સ્પર્શીને જ આ કાળના સુવિશુદ્ધ પ્રરૂપક, યુગપ્રધાન કલ્પ, પરમતારક પરમગુરૂદેવ પ.પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની સૌપ્રથમ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

દોહિત્ર વિશીલકુમારની ભાગવતી દિક્ષા : જેઓ હાલ પૂ. ગુરૂદેવશ્રીજીના પટ્ટધર રત્ન પૂ. આ. દેવ **શ્રીમદ્ વિજય નયવર્ધન સૂરીશ્વરજી મ. સા.** ના શિષ્ય પ. પૂ. ગણિવર્ય **શ્રી વિનયવર્ધન વિજ્યજી મ. સા.** ના નામે સુંદર આરાધના કરી રહયા છે.

૧૯૯૭ : શ્રી શંખેશ્વર તીર્થે નવકારશી કરવાની વ્યવસ્થા ન હોવાના કારણે વંડામાં દર પૂનમે નવકારશી ૧૭ માસ સુધી ચાલુ રાખી.

૧૯૯૮: માટુંગામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવ તથા શ્રી મહાવીર બિલ્ડીંગ દહેરાસરના જિર્ણોધ્ધારમાં મુખ્ય આયોજક.

૧૯૯૯: દેવાચી આણંદીમાં પ.પૂ.આચાર્યદેવ **શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા.** ની નિશ્રામાં જિનબિંબ પ્રતિષ્ઠા કરાવી.

૨૦૦૦: માટુંગામાં પ.પૂ.આચાર્યદેવ **શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા.** નું ભવ્ય ચાર્તુમાસમાં મુખ્ય આયોજક હતા.



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

શ્રી જખૌ પાંજરાપોળ માં હાલ ૨૪૨ ઢોર આશ્રય લઈ રહ્યા છે. તેમના નિભાવનો માસિક ખર્ચ અંદાજે રૂા. ૪. લાખ થાય છે જે જીવદયા પ્રેમી ઉદાર દિલ દાતાઓના દાન સહાયથી પુરૂં થાય છે. જીવદયા સહાય માટેની વિજ્ઞપ્તિને અનુલક્ષીને દાતાઓ દ્વારા નીચેની વિગત મુજબ દાન મળેલ છે.

૧) રૂા. ૨૫,૦૦૦/- શ્રી મહાવીર નગર શ્વે. મૂર્તિ પૂજક દેરાસર ટ્રસ્ટ, કાંદિવલી. - ૨) રૂા. ૧૧,૦૦૦/- શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક ટ્રસ્ટ, ચીંચપોકલી, મુંબઈ. - ૩) રૂા. ૧૧,૦૦૦/- શ્રી શાંતિનાથ શ્વે. મૂર્તિ પૂજક જૈન ચેરીટી ટ્રસ્ટ, પવઈ. - ૪) રૂા. ૧૦,૦૦૦/- શ્રી મુલુંડ શ્વે. મૂર્તિ પૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, મુલુંડ, મુંબઈ. - ૫) રૂા. ૯,૦૦૦/- શ્રી વિલેપારલે અચલગચ્છ જૈન સંઘ, પારલા, મુંબઈ. - ૬) રૂા. ૭,૦૦૦/- શ્રી મહાવીર સ્વામી જૈન શ્વે. મૂર્તિ પૂજક દેરાસર ટ્રસ્ટ, ૯મી ગલ્લી, ખેતવાડી, મુંબઈ. - ૭) રૂા. ૭,૦૦૦/- શ્રી જલારામ સત્સંગ મંડળ, ઝવેર રોડ, મુલુંડ, મુંબઈ. - ૮) રૂા. ૬,૦૦૦/- શ્રી ઝવેરી મહાજન મોટી ધરમનો કાન્ટો, મુમ્બાદેવી, મુંબઈ. - ૯) રૂા. ૫,૦૦૦/- એક સદ્‌ગ્રહસ્થ, જખૌ, મુલુંડ. - ૧૦) રૂા. ૫,૦૦૦/- શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ, ભાંડુપ, મુંબઈ. - ૧૧) રૂા. ૫,૦૦૦/- શ્રી અમ્રુતલાલ ભાણજી શાહ, કારાઘોઘા, શીવડી, મુંબઈ. - ૧૨) રૂા. ૫,૦૦૦/- વીરટેક્ષ એન્જિનિયર્સ, મુંબઈ. - ૧૩) રૂા. ૫,૦૦૦/- શ્રી તાડદેવ ક.વી.ઓ. જૈન સંઘ, તાડદેવ, મુંબઈ. - ૧૪) રૂા. ૩,૦૦૦/- શ્રી ટી.એ.કે.એલ. જ્ઞાન મંદિર ટ્રસ્ટ, દાદર, મુંબઈ. - ૧૫) રૂા. ૩,૦૦૦/- શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટેમ્પલ, ચિત્રદુર્ગ, કર્ણાટક. - ૧૬) રૂા. ૩,૦૦૦/- શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ, વરંડી, ડોંબિવલી. - ૧૭) રૂા. ૨,૫૦૦/- સ્વ. શ્રી શાંતિલાલ રતનશી ગંગર, પૂણ્ય તિથિ નિમિત્તે, દેશલપુર, કંઠી. - ૧૮) રૂા. ૨,૦૦૦/- શ્રી મણિલાલ ચત્રભુજ ગાંધી, મુલુંડ. - ૧૯) રૂા. ૨,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન નાનજી લાલજી ગોશર, લગ્ન જીવનના ૫૦ વર્ષ નિમિત્તે, હાલાપર, અંબરનાથ. - ૨૦) રૂા. ૧,૧૦૦/- શ્રી કચ્છી વીશા ઓશવાલ જૈન સેવા સમાજ, કુર્લા. - ૨૧) રૂા. ૧,૧૦૦/- શ્રી નવીનચંદ્ર જેઠાલાલ શાહ, પત્રી. - ૨૨) રૂા. ૧,૦૦૦/- શ્રી વાગડ વીશા ઓશવાલ મૂર્તિ પૂજક જૈન સંઘ, દહીસર, મુંબઈ.

**સર્વ દાતાઓનો ખૂબ ખૂબ આભાર સહ અનુમોદન.**

**ખુલાસો :** પ્ર. સ. અંક ૧૮, તા. ૨૦.૪.૨૦૧૯ માં વા.સ. યોજના ક્રમાંક ૧૬, રૂા. ૧૨,૦૦૦/-ના સહાય દાતા શ્રી કોટ શાન્તિનાથ જૈન દેરાસર, કોટ, મુંબઈ છે. આભાર.

## વાર્ષિક સહાય યોજના

વર્ષ ૨૦૧૮ દરમિયાન સહાય આપનારા દાતાઓનો હાર્દિક આભાર વ્યક્ત કરવા સાથે વિનંતી છે કે દાતાઓ વર્ષ ૨૦૧૯ માટે મહિનાના રૂા. ૧,૦૦૦/- લેખે રૂા. ૧૨,૦૦૦/-નું દાન જીવદયાના પ્રથમ કર્તવ્યમાં આપી મુંગા લાચાર જીવોના આશીર્વાદ પ્રાપ્ત કરવા સાથે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થશે.

**સર્વેને આ યોજનામાં સહભાગી થવા પાંજરાપોળના ટ્રસ્ટીઓની વિનંતી છે. આભાર.**

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name :** Sri Jakhau Panjrapol Trust

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

# ઓસવાલોનો ઈતિહાસ - કુળદેવી સચ્ચાય માતા

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

ઓશિયા સ્થિત ઓસવાલ અને અનેક જ્ઞાતિઓના કુળદેવી સચ્ચાય માતા માઁ ચામુંડા દેવીનું સ્વરૂપ છે. ચામુંડા માતા હિંદુ ધર્મમાં સપ્તમાતૃકામાંની એક માતૃકા સ્વરૂપ મનાય છે.

સતયુગમાં દક્ષે શંકર (શીવ) સામે બદલો લેવા યજ્ઞ કર્યો તેમાં શીવજી જેઓ દક્ષના જમાઇ થતા હતા તેમને આમંત્રણ ન આપ્યું કારણ કે દક્ષની પુત્રી પાર્વતીએ પિતાની વિરૂધ્ધ શીવજી સાથે લગ્ન કરેલ. શીવાતો અંગે ભસ્મ, ગળામાં સર્પ અને સ્મશાનમાં પડ્યા રહેતા હતા. પાર્વતી પતિની આજ્ઞાને અવગણી પિતાએ યોજેલ યજ્ઞમાં ગયા. પિતાએ પુત્રીને કોઇ આદર ન આપ્યો અને શીવજી ઉપર અપમાનજનક શબ્દો કહ્યા. દેવી પાર્વતી ખૂબ દુઃખી થયા અને યજ્ઞમાં અગ્નિમાં પડી સતી થયા.

શીવજીને સમાચાર મળ્યા. ખૂબ જ ક્રોધિત થયા. યજ્ઞો યોજેલ દક્ષે સ્થળે આવી યક્ષને નષ્ટ કર્યો અને દક્ષને મારી નાખ્યો. યજ્ઞમાં ભડથું થયેલું દેવીનું શબ ખભે ચઢાવી તાંડવ નૃત્ય કર્યું. સમગ્ર સૃષ્ટિમાં હાહાકાર થઇ ગયો. લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા. દેવતાઓ વિષ્ણુ પાસે ગયા અને શીવજીને શાંત કરવા વિનંતી. શીવજીનું મન સ્વસ્થ થાય અને મોહ દૂર થાય તે માટે સુદર્શન ચક્ર ચલાવ્યું. દેવીના શરીરના ટુકડા કરી નાખ્યા. સતિનાં અંગો જ્યાં જ્યાં પડ્યા ત્યાં શક્તિપીઠો થઇ. આવી ૫૧ શક્તિપીઠો થઇ.

દેવો અને દાનવો વચ્ચે ૧૦૦ વરસ યુધ્ધ ચાલ્યું જેમાં દાનવો જીત્યા. અસુરોનો રાજા મહિષાસુર સ્વર્ગનો રાજા બની ગયો દેવો ઉપર ખૂબજ અત્યાચાર કરવા લાગ્યો. ભગવાન વિષ્ણુ પાસે દેવતા સહાય માટે ગયા. વિષ્ણુએ આદ્ય શક્તિ દેવીની આરાધના કરવાનું કહ્યું. દેવી પ્રગટ થયા અને મહિષાસુર માર્યો. એટલે દેવી કાલકાનું રૂપ મહિષાસુર મર્દીની તરીકે પુજાયું.

ચૂંડ અને મૂંડ નામના અધિકારીઓ જેવો રાજાસરાજ શુંભ અને નિશંભના અધિકારી હતા. આ રાજાસ રાજનો ખૂબ જ ત્રાસ દેવીને પકડી લાવવા શુંભ નિશંભે ચૂંડ અને મૂંડને મોકલ્યા. દેવી ગુસ્સે થઇ એક માતૃકાનું સર્જન કર્યું. જેણે ચૂંડ અને મૂંડને માર્યા. ચૂંડ અને મૂંડને સહાર્યા તેથી દેવી ચામૂંડા તરીકે ઓળખાઇ દુર્ગાનું જ બીજું ચામુંડા થયું.

ઓશીયામાં માતા ચામુંડાના પ્રાગટ્યની એક કથા છે. રાજવી ઉત્પલદેવના પુત્રનાં લગ્ન જેસલમેરના રાજકુંવરી સાથે થયેલ. રાજકુમારી માતા ચામુંડાની અનન્ય ભક્ત હતી. માતાજીનાં દર્શન વગર જમે નહિં. પરણીને ઓશીયાજી આવી. ઓશીયાજીમાં માતાજીનાં દર્શન ન મળતાં અન્નજળનો ત્યાગ કર્યો. માતાજીએ સ્વપ્નમાં આવી દર્શન આપ્યા. રાજકુમારી કહે ''હું સ્વપ્ન દર્શનમાં માનું નહિં તમારે પ્રથમ દર્શન આપવા પડશે તો જ હું અન્નજળ લઇશ'' ૪-૫ દિવસે માતાજીએ ફરી દર્શન આપ્યા. કહ્યું ''ગામની બહાર પહાડી પર ચોક્કસ સમયે આવજે હું દર્શન આપીશ''.

પુત્રવધુ ખૂબ ખુશ થઇ. માતાજીએ સુચવેલ સમયે પહાડી ઉપર પહોંચી ગઇ. ત્યાં એક ભરવાડ ઘેટા બકરા ચરાવતો હતો. માતાજી ડોશી સ્વરૂપે આવ્યા. કહ્યું તું અહિંથી જલ્દી દૂર ચાલ્યો જા. ભરવાડ પોતાના ઘેટા બકરા લઇ દૂર ચાલ્યો ગયો, ત્યાં પ્રચંડ અવાજ થયો. જોરદાર પવન ફુંકાયો, આકાશ અંધકારમય બની ગયું અને સામેનો પહાડ ફાટ્યો તેમાંથી મૂર્તિ બહાર નીકળી. ભરવાડ ખૂબ બૂમો પાડવા લાગ્યો. મુર્તિનું પૂર્ણ સ્વરૂપ બહાર ન નીકળ્યું.

પુત્રવધુ ઘરે ગઇ. બીજે દિવસે ગામવાળાને સમાચાર આપ્યા. એ રાત્રે રાજવી તથા પ્રજાજનોને એક સરખું સ્વપ્નું આવ્યું. હાલ છે એવું મંદિર દેખાયું. રાજવીને બીજે દિવસે બીજું સ્વપ્નું દેખાયું. ગામથી થોડે દૂર એક તળાવમાં ચારપાયની નીચે શીલા નીચે નવલાખ મુદ્રા દટાયેલી જોવા મળી. ઉત્પલદેવ રાજવીએ એ જગ્યાએ ખોદકામ કર્યું અને નવલાખ મુદ્રા મળી તેમાંથી માઁ ચામુંડાનું સુંદર મંદિર નિર્માણ કરાવ્યું. આ ચામુંડા માતા રત્નપ્રભસૂરિજી ઉપકેશપુરમાં પધારે અને જૈન ધર્મ પમાડે તે માટે સહાયરૂપ થયા હતા.

રાજવી અને પ્રજાજનોનાં આગ્રહથી સૂરિજી ચાતુર્માસ કરવા રોકાયા. દરરોજ પ્રજાજનોને જૈન ધર્મનો ઉપદેશ આપતા રહ્યા. મંત્રી ઉહડ એક શીવ મંદિર બનાવી રહ્યા હતા. બનતું એવું કે દિવસે જેટલું ચણે એટલું રાત્રે પડી જાય. મંત્રીએ ગુરૂદેવ પાસે આવી વાત કરી. ગુરૂદેવ કહે 'તું શીવને બદલે ભગવાન મહાવીરનું મંદિર બનાવ'. મંત્રીએ તેમ કરવાનું શરૂ કર્યું તો મંદિરનું ચણતર પડી જતું બંધ થયું.

એવામાં નવરાત્રિનાં તહેવાર આવ્યા. ઉપકેશપુરમાં નવરાત્રિ દરમ્યાન ચામુંડા દેવીનાં મંદિરમાં પશુ બલીદાનો ચઢાવવામાં આવતા હતા. ગુરૂદેવ જૈન બનાવેલા. પશુ બલીદાન કેમ અપાય ? જો ન આપીએ તો દેવીનો રોષ સહેવો પડે. સર્વે ગુરૂદેવના શરણે ગયા. ગુરૂએ પશુ બલીદાન ન આપવાનું એટલે સમજાવ્યું અને ભક્ષ્ય વસ્તુની જગ્યાએ મિઠાઇ આપવાનું સમજાવ્યું. ગુરૂદેવે શ્રાવકોને નિર્ભય રહેવા કહ્યું. દેવી કોપાયમાન થશે તો તેની જવાબદારી પોતે લેશે એવું આશ્વાસન આપ્યું. વામમાર્ગીઓએ પ્રચાર કર્યો કે બલી નહિં ચઢાવો તો દેવી નારાજ થશે, તમારા કુળનો નાશ કરશે. ગુરૂ કહે હિંમત રાખો. દેવીનું પૂજન સાત્વીક પદાર્થો મિષ્ઠાન, ફળ, ફુલથી કરો. શ્રાવકોએ ગુરૂને સાથે દેવી મંદિરે પધારવા કહ્યું. ગુરૂ દેવી મંદિરે આવ્યા.




॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

રજી. નં. એ-૭૫-જામનગર

મુ. પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧ ૨૮૦.


## દેરાસર સર્વ સાધારણ નિભાવ ફંડની નામાવલી દરેકના રૂા. ૩,૦૦૦/-

### વર્ષ ૨૦૧૯-૨૦૨૦ (તા. ૧/૪/૨૦૧૯ થી તા. ૩૧/૩/૨૦૨૦)

૧. માતુશ્રી સોનબાઇ જેઠાલાલ રાયશી લાપસીયા, મુલુંડ
૨. શ્રી જેઠાલાલ રાયશી લાપસીયા, મુલુંડ
૩. માતુશ્રી મણીબેન ગોવિંદજી ગાંગજી લાપસીયા, દલતુંગી
૪. માતુશ્રી નવલબેન જેતશી મેઘજી શિયાલ, ડોંબિવલી
૫. માતુશ્રી સોનબાઇ શામજી પેથરાજ શિયાલ, ડોંબિવલી
૬. શ્રી કિરીટ શામજી પેથરાજ શિયાલ, ડોંબિવલી
૭. માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે, ઘાટકોપર
૮. સ્વ. શ્રી મુલચંદ દામજી લખમશી માલદે, ઘાટકોપર
૯. માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા, મુલુંડ
૧૦. શ્રી ડુંગરશી શામજી લાપસીયા, મુલુંડ
૧૧. માતુશ્રી સોનબાઇ રાયચંદ કરમશી લોડાયા, ડોંબિવલી
૧૨. માતુશ્રી મણીબેન હિરજી નાયાભાઇ માલદે, ડોંબિવલી
૧૩. માતુશ્રી પ્રેમાબેન ભવાનજી લધાભાઇ લોડાયા, ડોંબિવલી
૧૪. માતુશ્રી વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા, ગોરેગાંવ
૧૫. માતુશ્રી સોનબાઇ ત્રિકમજી ડાઘા, ગોરેગાંવ
૧૬. અ.સૌ. ઊર્જા વિકાસ લુઠીયા, અમેરીકા
૧૭. માતુશ્રી ધનલક્ષ્મીબેન પાસુભાઇ દેવજી લાપસીયા, ગોરેગાંવ
૧૮. માતુશ્રી અરૂણાબેન દિનેશ બાબુભાઇ લાપસીયા, ઘાટકોપર
૧૯. કુ. જીયાના અલ્પા અલ્પેશ દિનેશ લાપસીયા, ઘાટકોપર
૨૦. માતુશ્રી નિર્મલાબેન ચાંપશી પદમશી લાપસીયા, ડોંબિવલી
૨૧. શેઠશ્રી જયંતીલાલ કેશવજી નાંયાભાઇ માલદે, ડોંબિવલી
 હ. રંજનબેન જયંતીલાલ માલદે
૨૨. શાહ અશોક કેશવજી નાયાભાઇ માલદે, ડોંબિવલી
 હ. મનોરમાબેન અશોક માલદે
૨૩. માતુશ્રી હિરબાઇ ડાયાલાલ લખમશી માલદે, ડોંબિવલી
 હ. ચેતનાબેન ઉત્તમ માલદે
૨૪. માતુશ્રી લિલબાઇ લાલજી કેશવજી લોડાયા, ડોંબિવલી
૨૫. માતુશ્રી રતનબેન લખમશી ગાંગજી લાપસીયા, ડોંબિવલી
 હ. મેનાબેન દિનેશ લાપસીયા
૨૬. માતુશ્રી ગુણવંતીબેન ધનજી પદમશી લાપસીયા, ડોંબિવલી
૨૭. શા. પુનશી તથા કાનજી ગોવિંદજી ધુલ્લા, વડાલા
૨૮. માતુશ્રી તારાબેન વીરજી વિરપાર ડાઘા, ડોંબિવલી
૨૯. માતુશ્રી મેનાબેન ચંદુલાલ પદમશી લાપસીયા, હૈદરાબાદ
૩૦. માતુશ્રી શાંતાબેન શામજી ગાંગજી લાપસીયા, પુર્ના
૩૧. માતુશ્રી લાખબાઇ લિલાધર ગાંગજી લાપસીયા, નાંદેડ
૩૨. કુ. લતીકા ભાવેશ રતિલાલ શિયાલ, ડોંબિવલી
૩૩. સ્વ. શા. શામજી ધારશી લાપસીયા, પુના
 હ. બંકિમચંદ્ર શામજી ધારશી લાપસીયા
૩૪. માતુશ્રી હિરબાઇ શામજી ધારશી લાપસીયા, પુના
 હ. બંકિમચંદ્ર શામજી ધારશી લાપસીયા
૩૫. માતુશ્રી જયવંતીબેન માણેકજી લધાભાઇ શિયાલ, મુલુંડ
૩૬. શ્રીમતી પ્રેમીલાબેન જયંતિલાલ શિયાલ, મુલુંડ
૩૭. માતુશ્રી કાન્તાબેન વેરશી દેવશી લોડાયા, મુલુંડ
 હ. રીટા હિતેશ વેરશી લોડાયા
૩૮. માતુશ્રી પુરબાઇ લખમશી દેવશી લોડાયા, ચેમ્બુર
૩૯. માતુશ્રી જશવંતીબેન સુરેશ લખમશી લોડાયા, ચેમ્બુર
૪૦. શ્રી પ્રવિણભાઇ રાયશી ધરમશી, મુલુંડ
૪૧. કુ. મીનલ પ્રવિણભાઇ રાયશી ધરમશી, મુલુંડ
૪૨. શ્રી રાયચંદ જીવરાજ માલદે, મુલુંડ
૪૩. માતુશ્રી પાનબાઇ ધનજી વેલજી લોડાયા, મસ્જિદબંદર
૪૪. માતુશ્રી જયાબેન નરશી ભાણજી લાપસીયા, મુલુંડ
૪૫. શ્રી નરશી ભાણજી લાપસીયા, મુલુંડ
૪૬. સ્વ. શ્રી પ્રફુલ ચાંપશી પેથરાજ શિયાલ, ભાંડુપ
૪૭. સ્વ. શ્રી નરેશ ચાંપશી પેથરાજ શિયાલ, ભાંડુપ
૪૮. માતુશ્રી પુષ્પાબેન રમેશચંદ્ર લાપસીયા, બેંગલોર
૪૯. માતુશ્રી લક્ષ્મીબેન લખમશી દેવજી લોડાયા, ઘાટકોપર
૫૦. માતુશ્રી લક્ષ્મીબેન લાલજી પદમશી માલદે
 હ. ચંપાબેન ચંદુલાલ માલદે, દલતુંગી-ડોંબિવલી
૫૧. માતુશ્રી વિરબાઇ મણશી વિરપાર ડાઘા, ડોંબિવલી
૫૨. માતુશ્રી નિર્મલાબેન ડુંગરશી શામજી માલદે, ડોંબિવલી
૫૩. માતુશ્રી જયાબેન પુનશી લખમશી માલદે, મુલુંડ
૫૪. માતુશ્રી રતનબાઇ શામજી નાયાભાઇ માલદે, મુંબઇ
૫૫. શ્રીમતી ચંદ્રાબેન હરીશ નવિનચંદ્ર લાપસીયા, હૈદરાબાદ
૫૬. માતુશ્રી સુશિલાબેન બાબુભાઇ રાયશી લાપસીયા, ડોંબિવલી
 હ. ઉષાબેન અશોક લાપસીયા
૫૭. શ્રી વિનોદ ભવાનજી લધાભાઇ લોડાયા, ડોંબિવલી
૫૮. શ્રી ભાયચંદ કેશવજી ખીમજી ડાઘા, વડાલા
૫૯. સ્વ. વિમલાબેન રાયચંદ ધારશી શિયાલ, બોરીવલી
૬૦. માતુશ્રી રાજબાઇ ડુંગરશી ધારશી શિયાલ, સાંતાક્રુઝ
૬૧. કુ. આહના રીષભ ભરત ડુંગરશી શિયાલ, સાંતાક્રુઝ
૬૨. માતુશ્રી ધનબાઇ કેશવજી નાયાભાઇ માલદે, મુલુંડ
 હ. રેખાબેન વસંતભાઇ માલદે
૬૩. માતુશ્રી નવલબેન હંશરાજ શામજી લાપસીયા, સાંતાક્રુઝ
૬૪. માતુશ્રી ધનલક્ષ્મીબેન વિસનજી ગાંગજી લાપસીયા, મુલુંડ
| ૧૫૩ | શ્રી હિતેશ નાગડા | ૨૦૦૦ |
| ૧૫૪ | શ્રી એમ. વી. શાહ | ૨૦૦૦ |
| ૧૫૫ | શ્રી વી. એલ. સોની | ૨૦૦૦ |
| ૧૫૬ | શ્રી એમ. એલ. છેડા | ૨૦૦૦ |
| ૧૫૭ | શ્રી જે. એલ. લોડાયા | ૨૦૦૦ |
| ૧૫૮ | શ્રી એમ. જે. શાહ | ૨૦૦૦ |
| ૧૫૯ | શ્રી જે. વી. શાહ | ૨૦૦૦ |
| ૧૬૦ | શ્રી એલ. વી. પાનપરીયા | ૨૦૦૦ |
| ૧૬૧ | શ્રી જી. જે. સાવલા | ૨૦૦૦ |
| ૧૬૨ | શ્રી વી. કે. શાહ | ૨૦૦૦ |
| ૧૬૩ | શ્રી જે. એલ. જોબનપુત્રા | ૨૦૦૦ |
| ૧૬૪ | શ્રી એન. એલ. નાગડા | ૨૦૦૦ |
| ૧૬૫ | શ્રી સી. એન. શાહ | ૨૦૦૦ |
| ૧૬૬ | શ્રી પી. કે. ભેદા | ૨૦૦૦ |
| ૧૬૭ | શ્રી આર. એલ. છેડા | ૨૦૦૦ |
| ૧૬૮ | શ્રી જે. જી. લોડાયા | ૨૦૦૦ |
| ૧૬૯ | શ્રી એન. એલ. ઠક્કર | ૨૦૦૦ |
| ૧૭૦ | શ્રી એલ. જી. નંદલાલ | ૨૦૦૦ |
| ૧૭૧ | શ્રી જ્યોત્સના દંડ | ૨૦૦૦ |
| ૧૭૨ | શ્રી આત્મારામ વીરે | ૨૦૦૦ |
| ૧૭૩ | શ્રી વી. જે. લોડાયા | ૨૦૦૦ |
| ૧૭૪ | શ્રી જે. જી. ઠક્કર | ૨૦૦૦ |
| ૧૭૫ | શ્રી એન. જી. દંડ | ૨૦૦૦ |
| ૧૭૬ | શ્રી નીતીન લોડાયા | ૨૦૦૦ |
| ૧૭૭ | શ્રીમતી સુધા શાહ | ૨૦૦૦ |
| ૧૭૮ | શ્રીમતી હેમા સંઘવી | ૨૦૦૦ |
| ૧૭૯ | શ્રીમતી તિલોત્તમા દંડ | ૨૦૦૦ |
| ૧૮૦ | શ્રી વી. જે. માલદે | ૨૦૦૦ |
| ૧૮૧ | શ્રી એમ. સી. તન્ના | ૨૦૦૦ |
| ૧૮૨ | શ્રી જી. સી. લોડાયા | ૨૦૦૦ |
| ૧૮૩ | શ્રી સી. જે. શાહ | ૨૦૦૦ |
| ૧૮૪ | શ્રી સુભાષ જૈન | ૨૦૦૦ |
| ૧૮૫ | શ્રી સચીન લોડાયા | ૨૦૦૦ |
| ૧૮૬ | શ્રીમતી લક્ષ્મી ભાટે | ૨૦૦૦ |
| ૧૮૭ | શ્રી એલ. એમ. દંડ | ૨૦૦૦ |
| ૧૮૮ | શ્રી. એમ. જે. સચદે | ૨૦૦૦ |
| ૧૮૯ | શ્રીમતી ધારીની લોડાયા | ૨૦૦૦ |
| ૧૯૦ | શ્રી સી. એલ. નાગડા | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૯૧ | શ્રી એમ. વી. શિંદે | ૨૦૦૦ |
| ૧૯૨ | નયના ધરમશી | ૨૦૦૦ |
| ૧૯૩ | શ્રી તિલેશ નાગડા | ૨૦૦૦ |
| ૧૯૪ | શ્રી વી. એલ. શાહ | ૨૦૦૦ |
| ૧૯૫ | શ્રી એન. એલ. શાહ | ૨૦૦૦ |
| ૧૯૬ | શ્રી ચંદ્રકાંત દોશી | ૨૦૦૦ |
| ૧૯૭ | શ્રી બિપીન લોડાયા | ૨૦૦૦ |
| ૧૯૮ | શ્રી નિલેશ મોમાયા | ૨૦૦૦ |
| ૧૯૯ | શ્રી અશોક મોતા | ૧૦૦૦ |
| ૨૦૦ | ધારીણી શાહ | ૨૦૦૦ |
| ૨૦૧ | શ્રી નેણશીભાઈ મૈશેરી | ૨૦૦૦ |
| ૨૦૨ | શ્રી કુલીન લોડાયા | ૨૦૦૦ |
| ૨૦૩ | શ્રી મયંક ધરમશી | ૨૦૦૦ |
| ૨૦૪ | શ્રી નિલેશ ખોના | ૨૦૦૦ |
| ૨૦૫ | શ્રી કમલેશ દંડ | ૨૦૦૦ |
| ૨૦૬ | શ્રી માણેકજી શાહ | ૨૦૦૦ |
| ૨૦૭ | શ્રી શૈલેશ વિકમશી | ૨૦૦૦ |
| ૨૦૮ | શ્રી તરૂણ દંડ | ૨૦૦૦ |
| ૨૦૯ | ઈંદુ લાલકા | ૨૦૦૦ |
| ૨૧૦ | શ્રી મયુર નાગડા | ૨૦૦૦ |
| ૨૧૧ | શ્રી વિરેન્દ્ર લોડાયા | ૨૦૦૦ |
| ૨૧૨ | શ્રી સમીર શાહ | ૨૦૦૦ |
| ૨૧૩ | શ્રી વિજય દંડ | ૨૦૦૦ |
| ૨૧૪ | શ્રી કે. સી. નાગડા | ૨૦૦૦ |
| ૨૧૫ | શ્રી નરેશ શાહ | ૨૦૦૦ |
| ૨૧૬ | શ્રી હિરાચંદ મોમાયા | ૨૦૦૦ |
| ૨૧૭ | શ્રી નલીન ખોના | ૨૦૦૦ |
| ૨૧૮ | શ્રી હિતેશ લોડાયા | ૨૦૦૦ |
| ૨૧૯ | શ્રી જીતેશ ધ્રોળ | ૨૦૦૦ |
| ૨૨૦ | શ્રી અક્ષય દલાલ | ૨૦૦૦ |
| ૨૨૧ | ધારા લોડાયા | ૨૦૦૦ |
| ૨૨૨ | આશા શાહ | ૨૦૦૦ |
| ૨૨૩ | શ્રી શાંતિલાલ ગોસર | ૨૦૦૦ |
| ૨૨૪ | શ્રી સરલા ગોસર | ૨૦૦૦ |
| ૨૨૫ | શ્રી યોગેન્દ્ર ગોસર | ૨૦૦૦ |
| ૨૨૬ | દમયંતી ગોસર | ૨૦૦૦ |
| ૨૨૭ | શ્રી ધીરજ ગોસર | ૨૦૦૦ |
| ૨૨૮ | જયશ્રી ગોસર | ૨૦૦૦ |
| ૨૨૯ | શ્રી વિજય ગોસર | ૨૦૦૦ |
| ૨૩૦ | હેમા ગોસર | ૨૦૦૦ |
| ૨૩૧ | શ્રી કિશોર ગોસર | ૨૦૦૦ |
| ૨૩૨ | પુર્ણિમા ગોસર | ૨૦૦૦ |
| ૨૩૩ | શ્રી કિરીટ ગોસર | ૨૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩૪ | કલ્પના ગોસર | ૨૦૦૦ | ૨૬૪ | શ્રી દેવચંદ છેડા | ૨૦૦૦ |
| ૨૩૫ | શ્રી દિનેશ ગોસર | ૨૦૦૦ | ૨૬૫ | શ્રી નારાયણજી પોલડીયા | ૨૦૦૦ |
| ૨૩૬ | બિના ગોસર | ૨૦૦૦ | ૨૬૬ | શ્રી નરેન્દ્ર દંડ | ૨૦૦૦ |
| ૨૩૭ | સરલા લોડાયા | ૨૦૦૦ | ૨૬૭ | શ્રી શાંતિલાલ છેડા | ૨૦૦૦ |
| ૨૩૮ | ચંદ્રા શાહ | ૨૦૦૦ | ૨૬૮ | શ્રી શંકર શેઠ | ૨૦૦૦ |
| ૨૩૯ | પુષ્પા માલદે | ૨૦૦૦ | ૨૬૯ | શ્રી ભરત ખોના | ૨૦૦૦ |
| ૨૪૦ | કિશોરી મદન | ૨૦૦૦ | ૨૭૦ | મિનલ ખોના | ૨૦૦૦ |
| ૨૪૧ | જિલ્લ્સ મદન | ૨૦૦૦ | ૨૭૧ | પાયલ ખોના | ૨૦૦૦ |
| ૨૪૨ | માલતી મદન | ૨૦૦૦ | ૨૭૨ | નિલમ શાહ | ૨૦૦૦ |
| ૨૪૩ | હંસા શાહ | ૨૦૦૦ | ૨૭૩ | શ્રી પ્રેમ વિસરીયા | ૨૦૦૦ |
| ૨૪૪ | મૃદુલા વિકમશી | ૨૦૦૦ | ૨૭૪ | આશા લોડાયા | ૨૦૦૦ |
| ૨૪૫ | શ્રી ભાવિન શાહ | ૨૦૦૦ | ૨૭૫ | નિમિષા દંડ | ૨૦૦૦ |
| ૨૪૬ | શ્રી મધુ નાગડા | ૨૦૦૦ | ૨૭૬ | શ્રી નિમેશ નાગડા | ૨૦૦૦ |
| ૨૪૭ | પ્રિયા સાવલા | ૨૦૦૦ | ૨૭૭ | શ્રી અલ્પેશ મોતા | ૨૦૦૦ |
| ૨૪૮ | શ્રી પ્રિયેશ ભેદા | ૨૦૦૦ | ૨૭૮ | શ્રી લેરીન ખોના | ૨૦૦૦ |
| ૨૪૯ | શ્રી કમલેશ ભેદા | ૨૦૦૦ | ૨૭૯ | શ્રી મનોજ લોડાયા | ૨૦૦૦ |
| ૨૫૦ | શ્રી ચંદ્રેશ ભેદા | ૨૦૦૦ | ૨૮૦ | છાયા મેપાણી | ૨૦૦૦ |
| ૨૫૧ | ચાંદની શાહ | ૨૦૦૦ | ૨૮૧ | શ્રી નિરંજન લોડાયા | ૨૦૦૦ |
| ૨૫૨ | શ્રી વિરલ લોડાયા | ૨૦૦૦ | ૨૮૨ | શ્રી ભાવેશ શાહ | ૨૦૦૦ |
| ૨૫૩ | શ્રી ચિરાગ નાગડા | ૨૦૦૦ | ૨૮૩ | નિલિમા વિકમશી | ૨૦૦૦ |
| ૨૫૪ | શ્રી રઘુ મોમાયા | ૨૦૦૦ | ૨૮૪ | શ્રી ધનરાજ ખોના | ૨૦૦૦ |
| ૨૫૫ | શ્રી હિરાચંદ સાવલા | ૨૦૦૦ | ૨૮૫ | શ્રી વિનય ધુલ્લા | ૨૦૦૦ |
| ૨૫૬ | શ્રી હરખચંદ કેનીયા | ૨૦૦૦ | ૨૮૬ | શ્રી વિરાજ નાગડા | ૨૦૦૦ |
| ૨૫૭ | પુષ્પા શાહ | ૨૦૦૦ | ૨૮૭ | કિર્તિ સચદેવ | ૨૦૦૦ |
| ૨૫૮ | તરૂણા દંડ | ૨૦૦૦ | ૨૮૮ | શ્રી મુકુંદ લોડાયા | ૨૦૦૦ |
| ૨૫૯ | શ્રી જીતેશ દંડ | ૨૦૦૦ | ૨૮૯ | ધારીણી મોતા | ૨૦૦૦ |
| ૨૬૦ | શ્રી હિતેશ દંડ | ૨૦૦૦ | ૨૯૦ | શ્રી પુનશી લોડાયા | ૨૦૦૦ |
| ૨૬૧ | શ્રી ખીરેશ દંડ | ૨૦૦૦ | ૨૯૧ | નિમા નાગડા | ૧૦૦૦ |
| ૨૬૨ | શ્રી નવિન દંડ | ૨૦૦૦ | ૨૯૨ | શ્રી રાયચંદભાઈ શિયાલ | ૧૦૦૦ |
| ૨૬૩ | શ્રી ચાંપશી છેડા | ૨૦૦૦ | | **કુલ્લ** | **૧૨૦૫૫૧૫** |

| | | | |
|---|---|---|---|
| | **કુલ ડોનેશન** | | **૪૨,૨૭,૭૩૧** |

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૮/૧૯ના ૩૭૭ વિદ્યાર્થીઓએ કુલ રૂા. ૫૦,૭૧,૭૬૬/- શાળા ફી સહાય અર્થે અરજીઓ કરેલ.**

રૂા. ૧૩,૦૦,૦૦૦/- સુધીના ફી સહાયના ચેક્સ **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટેંપલ એન્ડ ઇટસ સાધારણ ફંડસ**, મસ્જીદ બંદર દ્વારા ચુકવેલ છે.

રૂા. ૧,૯૩,૭૫૦/- ની ફી સહાય મોતા અટક વાળા વિદ્યાર્થીઓને મોતા પરિવાર તરફથી આપવામાં આવેલ છે. તેમજ કોઠારા મહાજને તેમના ગામના વિદ્યાર્થીઓને રૂા. ૮૮,૦૧૭/- સહાય પેટે ચુકવેલ છે.

ડોનેશન મેળવવામાં **શ્રી મોતીચંદભાઈ લાલજી ખોના, નલીયા / મુલુંડ**નો સિંહફાળો છે. સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

મહાજનો અને દાતાઓને ફરી અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃતિ સરળતાથી પુરી કરી શકે તે હેતુ સાથે આપશ્રી સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ઋણ સ્વીકાર.

લિ. **સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

# તમારા પતિ તમને ખુશ રાખે છે?




**તમારા પતિ તમને ખુશ રાખે છે? : આવો પ્રશ્ન પુછાય તો મોટા ભાગની સ્ત્રીઓ રડવા માંડે, ફરિયાદ કરવા માંડે. થોડી કહે, 'એમ તો ખુશ રાખે છે, પણ...' અમુક વળી એવા આડંબરથી હા પાડે કે આટલી સારી પત્ની મળી છે તો ખુશ તો રાખે જ ને? બહુ ઓછી એવી નીકળે જે હૃદયપૂર્વક સાચી 'હા' કે સાચી 'ના' પાડે. આરતીની સામે આ સવાલ આવ્યો ત્યારે તેણે શું કહ્યું?**

'ના મારા પતિ મને ખુશ નથી રાખતા.' આરતીના મોંમાંથી આવા સ્પષ્ટ શબ્દો સાંભળી તેના પતિ રાહુલ સહિત સમારંભમાં હાજર હતા તે સૌ ડઘાઈ ગયા.

રાહુલ ખૂબ મહેનતુ, નિષ્ઠાવાન અને બુદ્ધિશાળી. વર્ષો સુધી એક કંપની માટે કામ કર્યા બાદ કંપનીના નવા ડાયરેક્ટર તરીકે તેને પસંદ કરવામાં આવ્યો. પ્રસંગને ઉજવવા માટે એક નાનો સમારંભ ગોઠવાયો. સમારંભમાં તેની પત્ની આરતી, બંને બાળકો, કંપનીના અધિકારીઓ, તેમની પત્નીઓ અને ટોપ મેનેજમેન્ટ પર્સન્સ હતાં. પ્રસન્ન વાતાવરણ, ખાણીપીણી અને હળવી વાતોના દોર વચ્ચે અચાનક સીઈઓની પત્નીએ આરતીને પૂછ્યું, 'તમારા પતિ તમને ખુશ રાખે છે?'

સવાલ અચાનક આવેલો, અકળાવનારો અને જરા વિચિત્ર પણ હતો. રાહુલની પદોન્નતિ સાથે આ સવાલને સીધો સંબંધ પણ ન હતો. ત્યાં હાજર હતા એ જરા ડઘાઈ ગયા. કોઈ કોઈ વળી કાન સરવા કરી નજી સર્યા.

રાહુલ ત્યારે આરતી સાથે હતો નહીં, પણ એટલો દૂર ન હતો કે આ વાત તેને ન સંભળાય. સીઈઓની પત્નીનો સવાલ સાંભળતાં, કોઈને ખ્યાલ ન આવે તેમ તે જરા નજીક સરક્યો. તેને આરતીનો જવાબ સાંભળવો હતો. જો કે તેને કોઈ ડર ન હતો. તેનું અને આરતીનું લગ્નજીવન શાંત અને સુખી હતું. તેને ખાતરી હતી કે આરતી હા જ પાડશે. પોતે બીજા પુરુષો કરતા દરેક બાબતમાં વધારે સારો હતો તેવું પણ તે માનતો. એટલે આરતીની હા સાંભળવા નહીં, પણ એ હા આરતીના મોંમાથી કેવી રીતે નીકળે છે તે જાણવાનું કુતૂહલ સંતોષવા તે ચૂપચાપ નજીક સરક્યો.

પણ રાહુલના અને અન્ય લોકોના આશ્ચર્ય વચ્ચે આરતીએ સ્પષ્ટ કહ્યું, 'ના મારા પતિ મને ખુશ નથી રાખતા.'

બધા ચૂપ થઈ ગયા. દરેકને જાણે આરતીના જવાબમાં પોતપોતાના જીવનસાથીનો જવાબ સંભળાયો હોય તેમ સ્તબ્ધ થઈ ગયા. હવા પણ જાણે અટકી ગઈ અને રાહુલનો ચહેરો તો લોહી ઊડી ગયું હોય તેમ ફિક્કો પડી ગયો. ત્યાર પછી તેના ચહેરા પણ ગુસ્સાની રેખાઓ ખેંચાઈ. આરતી આવું કહે છે - તે પણ પોતાના આવા મહત્ત્વના પ્રસંગે? પોતાના સાથીઓને ઉપરીઓની સામે?

સીઈઓની પત્ની બોલી પણ ખરી, 'રાહુલ ઈઝ અ ગુડ પર્સન. આટલું કમાય છે ને તેને પરિવાર માટે પ્રેમ છે એ અમે બધા જાણીએ છીએ. આવો સારો પતિ મળ્યો છે તો પણ તમે એમ કહો છો કે રાહુલે તમને ખુશ નથી રાખ્યાં?'

બધાની નજર આરતી પર મંડાઈ. એ નજરોમાં અણિયાળા સવાલો હતા.

અને આરતી? તે શાંત ભાવે પ્રશ્ન પૂછનાર સીઈઓ-પત્ની અને અન્ય સોફેસ્ટિકેટેડ સ્ત્રીઓ વચ્ચે ઊભી હતી. તેણે કહ્યું, 'હા, રાહુલે મને ખુશ નથી રાખી. હું મારી મેળે ખુશ છું. સત્ય તો એ છે કે હું ખુશ હોઉં કે ન હોઉં તે માટે રાહુલ જવાબદાર હોય પણ નહીં. એ માટે હું પોતે જ જવાબદાર હોઉં. હું મારી ખુશી માટે મારા પતિ કે બાળકો કે બીજા કોઈ પર આધાર નથી રાખતી. મારી ખુશીનો આધાર હું પોતે જ છું. ઈશ્વરે મને સમજ, બુદ્ધિ, તર્ક, પસંદગી અને નિર્ણયશક્તિ આપી છે. જિંદગીની દરેક પળનું આનંદથી સ્વાગત કરવાનું મેં નક્કી કર્યું છે, એટલે હું ખુશ છું.'

'જો મેં મને ખુશ કરવાનું બીજા કોઈને સોંપ્યું હોત, તો નક્કી હું દુઃખી થાત. રાહુલ બહુ સારો છે, મને ચાહે છે, અમારી સુખસુવિધા માટે મહેનત કરે છે, માણસ તરીકે સારા ગુણો પણ તેનામાં છે. પણ જો હું મને સુખી કરવાનું તેને સોંપુ તો હું તો દુઃખી થાઉં જ, સાથે તે પણ દુઃખી થાય. હું તો એટલું જાણું છું કે મારે ખુશ રહેવું છે. બાકી પ્રસંગો ને પરિસ્થિતિઓ બદલાતા રહેતા હોય છે. મુશ્કેલી આવે છે તો સાથે પ્રેમ, મદદ, પ્રોત્સાહન, આશ્વાસન, આધાર, સ્વીકાર, સમજદારી પણ આવે જ છે. પતિનો સાથ મને હંમેશા મળ્યો છે. પણ સુખ આ બધામાં નહીં, સુખ સંતોષ અને કૃતજ્ઞતામાં છે. સંતોષ નથી હોતો ત્યારે આપણે સુખને પણ માણી નથી શકતાં, પ્રેમ અને સાથનો પણ ખોટો અર્થ કરીએ છીએ. એટલે હું કહું છું કે રાહુલ મને સુખ નથી આપતો. સુખ મને હું પોતે જ આપું છું.' આરતીની વાત પૂરી થઈ ત્યારે સૌના ચહેરા પર આદરનો ભાવ હતો. રાહુલના મોં પર ગૌરવ ચમકતું હતું.

હા, સુખ સંતોષમાં છે, બીમાર હોય, ગરીબ હોય,

આબોહવા ખરાબ હોય, કોઈએ અપમાન કર્યું હોય કે કોઈ પ્રેમ ન આપતું હોય તેવી સ્થિતિમાં પણ માણસ સુખી થવા ધારે તો સુખી થઈ જ શકે.

કારણ કે સુખ પ્રસંગો કે પરિસ્થિતિઓ કે અનુભવોમાં કે માણસો કે સંબંધોમાં નથી. સુખ પોતાના મનમાં છે, સંતોષી સ્વભાવમાં છે. સુખની કોઈ શરત હોતી નથી. સુખ તો જીવવાની એક શૈલી છ, જીવન પ્રત્યેની દ્રષ્ટિ છે.

સુખી હોવું પોતાના પર આધાર રાખે છે, બીજા કોઈ પર કદી નહીં. દુઃખનું સૌથી મોટું કારણ પણ માણસ પોતે જ હોય છે. મયુરીબહેન બંગલામાં રહે છે, સારું ખાઈપીએ છે, પતિ-સંતાનો સારાં છે તો પણ દુઃખી હોય છે અને સુલેખાબહેન એકલાં છે, ભાડાના ઘરમાં રહે છે અને બ્લડપ્રેશરનાં દર્દી છે તો પણ હંમેશાં મજામાં હોય છે. જો કોઈ એમને અમસ્તું મળવા જાય તો તેને પણ તાજગીનો એક ડોંઝ ચોક્કસ મળે.

એક વાત યાદ રાખો, મિત્રો કે જિંદગી આપણી છે અને જવાબદારી પણ આપણી છે. હું ચડું છું, પડું છું, જીવું છું, ભૂલો કરું છું, શીખું છું, મુશ્કેલીમાં આવું છું, નીકળું છું, ક્યારેક સફળ થાઉં છું, ક્યારેક પાછા પડવાનું થાય છે, ક્યારેક જેને ચાહું છું તે પણ દૂર થઈ જાય છે, ક્યારેક કોઈ અજાણ્યા ખૂણેથી પ્રેમ મળી જાય છે.

જિંદગી છે, તો બધું આવે ને જાય. હું સંપૂર્ણ ન હોઈ શકું, પણ હું કૃતજ્ઞ જરૂર હોઈ શકું.

દરેક સવાલ પાછળ, દરેક જવાબ છુપાયેલો હોય છે - શોધીએ તો ચોક્કસ મળે.

**- સોનલ પરીખ,** જન્મભૂમિમાંથી સાભાર

## સમાચાર-જાહેરાતની મેટરો અગાઉથી મોકલવી

પ્રકાશ-સમીક્ષા પાક્ષિક દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થતું હોવાથી અમને અનુક્રમે ૩ અને ૧૮ તારીખ પછી મળેલ મેટરો કે સમાચારોનો અંકમાં સમાવેશ કરવાનું મુશ્કેલ બને છે. આમ છતાં, મોડેથી આવેલ મેટરો-જાહેરાતો લેવા શક્યતઃ પ્રયત્નો કરીએ છીએ પરંતુ પ્રિન્ટીંગ પ્રેસ, બાઈડીંગ ખાતું, પોસ્ટલ વિભાગની ચોક્કસ તારીખો અને જાહેર રજાઓ જેવા પરિબળોને કારણે તેવી મોડેથી મળેલ મેટરો લઈ શકાતી નથી.




શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ** (Regd.)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. તેલંગાના.
ફોન : ૦૪૦-૨૭૫૬ ૨૫૪૫ ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા

સહર્ષ જણાવવાનું કે પર્વ પજૂષણ પશ્ચાત શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘે, ચૈત્યય પરિપાટી આયોજન કરેલ છે.

૨૭ સપ્ટેમ્બર ૨૦૧૯ ના બપોરે ૪.૦૦ વાગે સીકંદરાબાદ સ્ટેશનથી અજંતા એક્સપ્રેસ દ્વારા મનમાડ માટે પ્રસ્થાન કરશું મનમાડથી બસ દ્વારા વાંગી-તુંગી, બલસાણા, ધુલીયા નેર, પારોલા, ધર્મચક્ર તથા શાહપુર તીર્થ યાત્રા કરી ૨ અકટોબર ૨૦૧૯ રાતના ૧૧.૦૦ વાગે કલ્યાણથી હૈદરાબાદ એક્સપ્રેસ દ્વારા હૈદરાબાદ પાછા કરશું.

નકરો વ્યક્તી દીઠ રૂ. ૫૦૦૦/- માત્ર, ૩૧ મે ૨૦૧૯ સુધી પોતાના નામો રજીસ્ટર કરવા વિનંતી. પોતાનું સંપૂર્ણ નામ સરનામો, ફોન નંબર, એક પાસપોર્ટ સાઇજ ફોટો તથા આધાર કાર્ડની ઝેરોક્સ કોપી સાથે રૂા. ૧૦૦૦/- અડ્વાન્સ સાથે નામો સંચાલકશ્રી હંસકુમાર શાહ ફોન નંબર ૯૨૪૬૫ ૩૨૫૪૫) રજીસ્ટર કરવા વિનંતી બાકી રકમ ટ્રેનમાં બેસવા પહેલા ભરીદેવા પડશે. વધુ વિગત માટે સંચાલકશ્રીનું સંપર્ક કરવું.

Chandraprabhagraphics - 9849988999


## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૨૫-૦૫-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૨૫-૦૫-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૬-૦૫-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.




**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### રાજકોટમાં શ્રી ભલારા દાદાના પાઠ યોજાયા

શ્રી ભલારા દાદાના સામુહિક પાઠ-પ્રસાદનું આયોજન ૧૯-૪-૨૦૧૯ના કરવામાં આવ્યું. ભલારા દાદા ભક્ત મંડળના સભ્યો ગુલાબચંદ મોતા, લહેરચંદ લોડાયા, હંસકુમાર સાયલાએ વ્યવસ્થા સંભાળી. વિધિવિધાન કાંતિલાલ મોતા તથા દિલિપ મોતાએ કરાવ્યું તથા પ્રસાદનો લાભ શ્રી કુલિન ટોકરશી ધુલ્લા - સુથરીવાલા પરિવારે લીધો.

### કે.ડી.ઓ. જૈન સંઘ કાંજુરમાર્ગ

ચૈત્ર માસની નવરાત્રી દરમ્યાન દરરોજ રાત્રે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવી જેમાં ભાવિકોએ રમઝટ જમાવી હતી. ચૈત્રમાસની શાસ્વતી આયંબીલની ઓળી કરવામાં આવી હતી. આયંબીલના લાભાર્થી માતુશ્રી કુંવરબાઇ વીસનજી માયા મોતા (સુથરી), માતુશ્રી વિજયાબાઇ વેરશી માયા મોતા (સુથરી)એ લાભ લીધેલ હતો. આ આયોજન અનંતનાથજી મહીલા મંડળએ કરેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ - વડોદરા

૨૧-૪-૨૦૧૯ના વિવિધ લક્ષી હોલના રિનોવેશનનું ખાત મુર્હુત વડોદરા સંઘના પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા તથા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ આનંદીલાલ દંડના હસ્તે કરવામાં આવ્યુ.

શાઈનિંગ સ્ટાર પાઠશાલા શ્રી અજિતભાઈ મોકાશી (અંતર્મન સાથે મૈત્રી-બુકના ઓથર, માઈન્ડ પાવરના ટયુટર) દ્વારા ૪ વર્ષથી ૮૦ વર્ષના દરેક વ્યકિત માટે પાઠશાળાના મહત્વ વિશે ઉદબોધન બાદ શ્રી ચંદ્રેશ પદમશી છેડા દ્વારા પાઠશાળાના ઉદેશ્યો વિષે માહિતી આપવામાં આવી.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ

૧૪-૪-૧૯ના ધાર્મિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું સંગીતકાર સાથે સુંદર આયોજન થયું.

શ્રી ભલારાદાદા અને શ્રી ધણીબાવાના સમુહપાઠનું સુંદર આયોજન કરવામાં આવેલ. અમદાવાદ મહાજનના ૩૨૫થી વધુ જ્ઞાતિજનો એ લાભ લીધેલ.

આ પ્રોગ્રામના મુખ્ય દાતા : ૧) માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા, ૨) અ.સૌ. ગુણવંતીબેન ગુલાબભાઈ દંડ, ૩) માતુશ્રી વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા, પરિવાર, ૪) અ.સૌ. શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના તેમજ સહયોગી દાતા ૧) માતુશ્રી વેલબાઈ દેવજી ખોના પરિવારે લાભ લીધેલ.

### શ્રી નરદે રણશી ધરમશી પરિવાર

સેવક ભરૂડીયા-પાલિતાણા-કોઠારાના કુળદેવી શ્રી સખત માતાજીને નમતા ભાવિકો જોગ, સેવક ભરૂડીયા મુકામે આપણા માતાજીના મંદિરની ધ્વજા તથા ધોત ચડાવવાનો કાર્યક્રમ ૧૭-૫-૨૦૧૯ના છે. તો આ પ્રસંગે સર્વે ભાવિકોને સેવક ભરૂડીયા મુકામે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

### અનંત છાયા મહિલા મંડળ

મંડળ ૪૨ વર્ષ પૂરા કરીને ૪૩માં વર્ષમાં પ્રવેશ્યુ છે. વર્ષગાંઠ ખૂબજ રૂડી રીતે ઉજવાઇ હતી. ૨૪ એપ્રિલ ૨૦૧૯ના મંડળની બહેનો દ્વારા શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. પૂજા બાદ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ. મંડળ દ્વારા દરેક સભ્ય



**ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ**

જૈન સમાજરત્ન

**શ્રી વિનોદ રા. ધુલ્લા**

(સુથરી - મુંબઈ)



જન્મ : ૨૯-૫-૧૯૪૮

અરિહંત શરણ : ૧૧-૫-૨૦૧૪

સત્કાર્યો તથા સત્તકર્મો દ્વારા પ્રેરણાદાયી જીવન જીવી સ્મૃતિઓની સુવાસ છોડી ગયા.

આપના પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે

**આપને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ**

લિ. **નિરંજન કેશવજી મોમાયા** (વરાડીયા - મસ્જીદ બંદર)

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976

બહેનોને પ્રભાવના આપવામાં આવેલ. ગં.સ્વ. મંજુલાબેન પોલડીયા દ્વારા સંઘપૂજન થયેલ.

### શ્રી વિમલનાથ જૈન દેરાસર - વડોદરા

તા. ૨૧-૪-૨૦૧૯ના શ્રી વિમલનાથ જૈન દેરાસરના પ્રવેશદ્વારને વડોદરા સંઘ શિરોમણી શ્રી ઠાકરશી પદમશી પનપારીયા પ્રવેશ દ્વાર નામકરણ કરવામાં આવ્યુ, આ પ્રસંગે અમદાવાદ, મુંબઈ, સહીત બહારગામથી પધારેલા પરિવારજનો સકળ સંઘ સાથે ઉપસ્થીત હતા. સુગંધ ભળી, લગભગ ૩૦૦ સાધર્મિક બાંધવોની હાજરીમાં સવારના ૯ કલાકે શક્રસ્તવ મહા અભિષેક અનુષ્ઠાન શ્રી વર્ધમાન શક્રસ્તવ દ્વારા શ્રી વિમલનાથ પ્રભુજીની પ્રતિમા ઉપર ઔષધિ યુકત અખંડ અભિષેક તથા તાજા ગુલાબના અભિષેક કરવામાં આવ્યો. પ્રથમ અભિષેકનો લાભ શ્રી પનપારીયા પરીવાર દ્વારા કરવામાં આવ્યા બાદ સકળ સંઘને લાભ આપવામાં આવ્યા. ૧૧-૩૦ કલાકે તકતી અનાવરણ કરવામાં આવ્યુ.

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજનની સિનિયર સીટીઝન સ્વાભિમાન સમિતિ દ્વારા બેંગ્લોરમાં ગેટ ટુ ગેધરનું આયોજન કરાયું. પ્રમુખ સતિષ ડી. શાહએ સૌને આવકાર આપ્યો. સ્વાભિમાન પ્રોજેક્ટ વિષે ચેરમેન શ્રીમતી હેમા ગુલાબ છેડાએ વિસ્તૃત માહિતી આપી હતી. સ્વાભિમાન સમિતિ પ્રોજેક્ટના કન્વીનર શેઠ શ્રી હંસ બી. ખીમજી તથા સમસ્ત મહાજનશ્રીના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કીર્તિ ડી. ધરમશીની પ્રોત્સાહિત ઉપસ્થિતિ હતી. માધુરીબેન સોનાવાળા, દિનેશ કે. લોડાયા અને સતિષ પી. લુઠિયાએ વરિષ્ઠજનોને હકારાત્મક ટેકો આપી માનસિક તંદુરસ્તી જાળવવા અને સ્માર્ટ ફોનના ઉપયોગ વિષે માહિતી આપી હતી.

### શ્રી ભલારા ઓલિમ્પિક ૨૦૧૯ લાલપુર મુકામે સંપન્ન

શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા તા. ૧૭ તથા ૧૯ એપ્રીલના આયોજીત જોય પ્રેઝન્ટસ સમર્થિત ઓલિમ્પિકમાં ૮ ગેમ્સમાં કુલ્લે ૫૫૦ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. બે દિવસના ભલારા ઓલિમ્પિક ખેલ મહોત્સવ સ્પર્ધા બાદ તા. ૧૮ એપ્રિલે ગુરૂવારે રાતે ૧૧.૩૦ ઈનામ વિતરણ સમારોહ શ્રી મણિકાંત ધુલ્લા-પ્રતાપ એક્સલન્સી, મુલુંડના અતિથિ વિશેષ પદે યોજાયો હતો.

ખેલ મહોત્સવનું વ્યવસ્થાપન મણિકાંતભાઈ ધુલ્લા, જયંત છેડાના માર્ગદર્શનમાં કરાયું હતું. સ્પર્ધાઓનું સૂત્ર સંચાલન અને વ્યવસ્થા આયોજન સ્પીડી સ્ટ્રોકના જીગર દિલીપ નાગડા, મીત કીર્તિકુમાર નાગડા, રાહુલ વિજય મૈશેરી, વિનીત નરેશ ખોના, વીરચંદભાઈ લોડાયા, મહેશભાઈ દંડ દ્વારા કરાયું હતું.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું. સોમવાર બંધ


**કલર પાનાંની મેટરો**

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. પ્રિટીંગની અનુકુળતા મુજબ પાનાની ગોઠવણ કરવાની હોઈ પાનાના ક્રમ માટે આગ્રહ ન રાખવા વિનમ્ર વિનંતી.

**નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

**સ્વ. (અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર**

**કચ્છ-બાયઠ**

આપની વસમી વિદાયને ૯-૯ વર્ષના વહાણાં વહી ગયા છતાં આપની યાદ ભુલાતી નથી. આપનું પરોપકારી જીવન, સદાય હસતો ચહેરો, કુટુંબ પ્રેમ, મિલનસાર અને લાગણીશીલ સ્વભાવ, ધર્માનુરાગી, વ્યવહાર કુશળ એવા આત્માને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

ધનજી રતનશી ગોશર (બાયઠ-મુલુન્ડ) સમસ્ત પરિવાર
મુલજી શીવજી સામંત ખોના (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
કલ્યાણજી મુલજી લોડાયા (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
ખેતશી શામજી ખોના (સુજાપર-બેંગલોર) સમસ્ત પરિવાર

જયશ્રી-રિતેશ, પ્રાપ્તિ-ભાવેશ-ગુંજ-મેહેર, નિષિત-કિંજલ-સ્પર્શ
મીના-હંસકુમાર, યશેષ-મિતાલી, સચિન, ભદ્રા-નરેશ-વૃષ્ટિ
જલ્પા-હિમાંશુ-આર્યન, પુજા-જય-દર્શન-પૂરવ, મનાલી-મિહિર

## શ્રી અરિહંત કો.ઓ.બેંક લી. દ્વારા મોટિવેશનલ ગેટ ટુ ગેધર



૨૭-૪-૨૦૧૯ના બેંક દ્વારા કર્મચારીઓ માટે મોટિવેશનલ ગેટ ટુ ગેધર પ્રમિલાબેન દંડ રોટરી સર્વિસ સેન્ટર - ઘાટકોપર ખાતે યોજવામાં આવ્યું હતું. માર્ગદર્શક વક્તાઓ તરીકે શ્રીમતી પલ્લવી શાહ (ધરમશી) હૈદરાબાદ તથા ભૂતપૂર્વ બેન્કર શ્રી સિધ્ધેશ્વર નાતૂ ઉપસ્થિત હતા જેમણે સુંદર રીતે કાર્યક્રમને સંચાલિત કર્યો.



બેંકના ચેરમેન શ્રી હિરાચંદ દંડએ સૌને આવકાર આપ્યો. બેંકના બધા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બેંકના સર્વે ડીરેક્ટર્સ પણ ઉપસ્થિત હતા. કાર્યક્રમનું સુત્ર સંચાલન સીઇઓ શ્રી કિરણ પટેલના માર્ગદર્શનમાં ડીરેક્ટર શ્રી ડૉલર શાહે ખૂબજ સુંદર રીતે કર્યું હતું.

## અભિનંદન



ડૉ. મહિમા મોહિત દંડ, M.D.S. હુબલીનું મહિલાઓ માટેના બે દિવસના સેમિનારમાં કન્વીનર તરીકે સેવા આપવા બદલ TIECON, હુબલી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રી ચંદ્રેશ વીરચંદ શાહની 'દિશા'ના સભ્યપદે નિયુક્તિ



છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)ના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ (છેડા) કચ્છ સુજાપર હાલ રાયપુરને ભારત સરકાર ગ્રામિણ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના નિર્દેશ અનુસાર ગઠિત થયેલ સમિતિ ''દિશા''ના સદસ્ય રૂપે નીમવામાં આવેલ છે.

એમનુ આ સદસ્ય પદ સરકારી અધિકારીના કલાસ ૧ (Class-1) પદ રૂપે રહેશે.

## જીવનમાં સારો સ્કોર નોંધાવતા ક્રિકેટ સ્કોરર
## ગીરીશ ભવાનજી મેઘાણી (ખોના) રંગપુર-ડોંબિવલી



વિવિધ પ્રતિભાઓ ધરાવતા ગીરીશભાઇ આપણી જ્ઞાતિના અભ્યાસુ, શિક્ષિત વ્યક્તિ છે અને ગુજરાતીમાં લેખન કરતા સર્જક છે. ૩૦ વર્ષથી શેર માર્કેટના વિવિધ પાસાઓનું જ્ઞાન ધરાવતા તેઓશ્રી વોટ્સઅપ પ્રકાશ સમીક્ષા માટે નિયમિત લખતા રહે છે. સેબીની પાંખ NISM 'ના' અધિકૃત ટ્રેઇનર છે. બીઝનેશ ડેવલપમેન્ટ, ઓપરેશન, રીસ્ક મેનેજમેન્ટના નિષ્ણાંત છે. શેર બજારમાં ટ્રેડીંગ, કલીઅરીંગ, સેટલમેન્ટ વગેરે બાબતો અંગે બે દશકથી માર્ગદર્શન આપી રહ્યા છે. મો. 9819555362




## વતનના વર્તમાન

### ડોરા

કચ્છમાં સવારનું શીરામણ કે નાસ્તો બાજરાનો રોટલો, માખણ, ડોરા (કેરા/કેરડા)નું અથાણું, એટલે મીરાતનો કોળિયો. ડોરાની સીઝન આવી છે. હવે મુંબઇમાં પણ કચ્છી ડોરાનું અથાણું મળે છે. મગ જેવા ઝીણા ડોરાનું અથાણું પ્રીમિયમ અને મોટી સાઇઝના ડોરાનું શાક પણ બને. ઘરના દાદી કે નાની કહેતાં હોય છે કે ડોરા પેટની પીડા, ગેસ અને અપચો દૂર કરવામાં સહાય કરે છે. કહે છે, જે વરસે ડોરાનો પાક સારો ઉતરે ત્યારે વરસાદ પણ સાચો થાય છે.

### કચ્છ જા નાઇયર

કચ્છ હવે નારિયેળના ઉત્પાદનમાં પણ કાઠું કાઢી રહ્યું છે. હાલ માત્ર ૯૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં નારિયેળીના પ્લાંટેશન છે પણ ખેડુતોની મુશ્કેલી એ છે કે નારિયેળીના રોપા લગાવ્યા બાદ એની ચોક્કસજાત વિશે જાણી શકાતું નથી. ત્રણ વર્ષનો છોડ થાય ત્યારે માંડ અંદાજ આવે. આ પરેશાની દૂર કરવાની સાથે ઓછા ખર્ચે માત્ર છ મહીનામાં જ નારિયેળીની જાત ઓળખી શકાય એવી પધ્ધતિ યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રની સંશોધન ટીમે ડૉ. ગીરીન બક્ષીના નેતૃત્વમાં વિકસાવી છે.

કચ્છ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખાસ કરીને વાનફેર, લોટન અને બોના જાતની નારિયેળીના વાવેતર થાય છે. આમાં વાનફેરના નારિયેળની ગુણવત્તા ઘણી સારી હોય છે. ગુજરાત - કચ્છમાં નારિયેળના (કોકોનટ ઉત્પાદન) હેક્ટર દીઠ ૯૩૨૮ નગ છે. જ્યારે કેરળ તામિલનાડુમાં ૭૫૨૫ નંગનું છે.

જુનાગઢ એગ્રી.યુની.ના.પ્રો. ડૉ. પી. કે. કાપડીયાનું કહેવું છે કે ગુજરાતનું વાતાવરણ નારિયેળી પ્લાંટેશન માટે અનુકૂળ છે અને ખેડુતો વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવે તો હેક્ટર દીઠ રૂા. સાત લાખ જેટલી આવક રળી શકે છે. નારિયેળીના રોપા જૂનાગઢ કૃષિ વિશ્વ વિદ્યાલય જેએયુના મહુઆ કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

### અબડાસાના ગામોને નર્મદા પેય જળ

અબડાસાના મોથાળા, સાંધાણ, ડુમરા, સાંયરા, કોઠારા, વરાડીયા, મંજલ, સુથરી વગેરે ગામોને મોથાળાથી પાઇપલાઇન મારફત પીવાનું પાણી પહોંચાડવાની યોજના પર ફરી કામ શરૂ થઇ ગયું છે.

### કચ્છી જીરૂં

નર્મદાનું પાણી ખેતી માટે મળતું થતાં વાગડ વિસ્તારમાં જીરૂં, ઇસબગુલ વગેરે પાક લેવાતા થયા છે. વરસે વાગડમાં અંદાજે રૂા. ૨૦૦૦/- કરોડ મૂલ્યનું જીરૂં પાક્યું છે.

### દાડમ

કચ્છમાં દાડમની ખેતી તરફ રસ વધતાં હાલ લગભગ ૮૦ ટકા વાડીઓમાં દાડમના પ્લાંટેશન આકાર પામ્યા છે. જ્યારે કપાસની ખેતી ઘટી છે.

### ક.દ.ઓ. મહિલા મંડળ જેડલ ગ્રુપ ભુજની રચના

પ્રમુખ - ગીતાબેન ખુશાલ લોડાયા, ઉપપ્રમુખ - દમયંતીબેન દિલીપ મોતા, અને રચનાબેન ઉદય વિકમશી, મંત્રી - રચનાબેન મેહુલ સોની, સહમંત્રી - જયશ્રીબેન હેમંત જીવાણી, ખજાનચી - જ્યોતિ અનિલ સાંયા, સહખજાનચી - જીજ્ઞાબેન પ્રદીપ લોડાયા, સલાહકાર - જ્યોતિબેન હેમંત વિકમશી, તથા કારોબારીમાં ૧૨ જણની નિમણુંક કરવામાં આવી છે.

### કે.ડી.ઓ.નું ગૌરવ ભુજ

વર્ધમાનનગર ગ્રામ પંચાયત માધાપર નવાવાસથી અલગ થઇ, અને ગામનાં પહેલા જ મહિલા સરપંચ તરીકે જ્યોતિબેન હેમંત વિકમશી ચૂંટાયા. વર્ધમાન નગર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજેતા થવા બદલ લાખ લાખ અભિનંદન.

### જ્ઞાતિના આગામી આયોજન

- **જામનગર :** જામનગર સ્થિત કન્યા છાત્રાલયની પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે.
- **જખૌ :** ૧૩-૬-૧૯ રત્નટુંક દેરાસરનો ૧૭૧મો ધ્વજા મહોત્સવ.
- **કાંજુરમાર્ગ :** ૧૨/૧૪-૫-૧૯ વિમલનાથજી દેરાસરનો દ્વિતીય ધ્વજા મહોત્સવ.
- **મુંબઇ :** ૧૨-૫-૧૯ સાંયરા પરિવારોના મોમાઇ માતાજીની ૯મી સમૂહ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવીન વેલજી શાહ** | BA2 No. 24-A, રાજેન્દ્ર ચોક, ૬૪ બજાર, |
| (PS 4287) | આદીપુર-૩૭૦ ૨૦૫, કચ્છ. મો.: 077385 08150 |
| **ભાવિન વિજય નાગડા** | ફ્લેટ નં. સી-૩, ૩જે માળે, ક્વીન્સ વ્યૂ, ૨૮/૩૦ વાલકેશ્વર રોડ, |
| (PS 107) | મુંબઈ-૪૦૦ ૦૦૬. મો.: વિજય 098191 70585, ભાવિન 099300 91179 |
| **સજલ અનિલ દંડ** | ૧૧, ગાલા નિવાસ, ચિત્રકૂટ બંગલોની સામે, વી. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), |
| (PS 3561) | મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 098330 07611 |
| **શ્રીમતી તરલાબેન રતીલાલ ખોના** | એ-૨, ગ્રાઉન્ડ ફ્લોર, રાજવિલા કો.હા.સો., બી.પી.એસ. ક્રોસ રોડ, |
| (PS 5929) | મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: રૂપેશ 090480 02675 |
| **ભોમિક ચંદ્રકાંત નાગડા** | એ-૧૬૦૫, અશોકા બિલ્ડીંગ, સમૃધ્ધિ ગાર્ડન, ઈશ્વર નગરની સામે, |
| (PS 508) | એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો.: 099304 66980 |
| **ભરત હિરજી માલદે** | ૫૦૪, શ્રી ગણેશ પ્રસાદ, કેનેરા બેંકની પાસે, આર.એચ.બી. રોડ, |
| (PS 1996) | મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 098677 55667 / 093238 38380 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૩-૧૯ | ડોમ્બીવલી | ખુશાન્શ, પૂનમ કલ્પેશ ખુશાલ સોજપાર ધરમશી | કોઠારા | પુત્ર |
| ૦૪-૦૩-૧૯ | જલગામ | ખુશાંક, કનિકા મયૂર પ્રવીણ લોડાયા | બારોઈ | પુત્ર |
| ૨૩-૦૩-૧૯ | મુલંડ | રેવા, ઉર્વિ લીનેશ કિર્તી વિરચંદ લોડાયા | વારાપધર | પુત્રી |
| ૨૫-૦૩-૧૯ | ભાવનગર | નમન, નેહલ હાર્દિક મયૂર ઉપેન્દ્ર લાપસીયા | નલિયા | પુત્ર |
| ૦૪-૦૪-૧૯ | નખત્રાણા | ચૈત્ય, વિમલબેન મનોજકુમાર રમેશચંદ્ર મેઘજી દંડ | લુણી | પુત્ર |
| ૦૫-૦૪-૧૯ | ઔરંગાબાદ | દીના, મિષ્ટી હાર્દિક ગિરીશ લીલાધર મૈશેરી | લાલા | પુત્રી |
| ૧૨-૦૪-૧૯ | થાણા | ક્વિશા, જીંકલ શશાંક મૃગેન લક્ષ્મીચંદ નાગડા | નલિયા | પુત્રી |
| ૧૨-૦૪-૧૯ | અમદાવાદ | કીયાન, મીતલ તુષાર ગુલાબ સાંયા | સુજાપર | પુત્રી |
| ૧૬-૦૪-૧૯ | અમદાવાદ | પલક, માયા ધવલ ગૌતમ પ્રતાપસિંહ લોડાયા | રવા | પુત્રી |
| ૨૫-૦૪-૧૯ | ડોમ્બીવલી | ધ્વજ, રાકેશ અભય મૈશેરી | સિંધોડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૪-૧૯ | સાયન | ધવલ નિલેશ કરમશી વિકમશી | જખૌ | ૩૧ |
| | માટુંગા (ભુલ સુધાર) | ધ્વની ચંદ્રેશ વસનજી સાંયા | સુજાપર | ૨૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૪-૧૯ | વિરાર | નીરવ શૈલેષ તારાચંદ ગોશર | ગોએરસમા | ૩૪ |
| | નાલાસોપારા | શાંતિ રામસમારો જગદેવ જયસ્વાર | નાલાસોપારા | ૩૩ |
| ૨૧-૦૪-૧૯ | લોનાવાલા | રવિ મુકેશ જીવરાજ મોમાયા | વરાડીયા | ૨૮ |
| | પુણે | આયુષી અજય પુરૂષોત્તમ અદાવાડકર | પુણે | ૨૩ |

**જાહેરાતો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા – **022-2508 4463 / 64 / 65** મોબાઈલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૨-૧૯ | ભાંડુપ | જીગર ચંદ્રકાંત દામજી નાગડા | પરજાઉ | ૨૮ |
| | બેંગલોર | અદિતી મુકેશ પ્રેમચંદ ડાઘા (શેટ) | વરાડીયા | ૨૬ |
| ૨૮-૦૪-૧૯ | થાણા | ભાવિન મહેશ લક્ષ્મીચંદ લોડાયા | સુથરી | - |
| | ડોમ્બીવલી | કિંજલ મેઘરાજ રતીલાલ મૈશેરી | જખૌ | - |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૪-૧૯ | સૈજપુર | હિરેન મુલચંદ વેલજી લોડાયા | તેરા | - |
| | ભિલાઈ | સોનલ ધીરજલાલ નાનજી છેડા | બીદડા | - |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૪-૧૯ | ઈન્દોર | વિપીનભાઈ ખેતશી હેફા | સુથરી | ૭૫ |
| ૨૩-૦૪-૧૯ | ડોમ્બીવલી | મધુરીબાઈ દામજી કુંવરજી નાગડા | નલિયા | ૭૪ |
| ૨૫-૦૪-૧૯ | મુલુંડ | મીનાક્ષી બુધ્ધિચંદ જેઠાભાઈ છેડા | તેરા | ૮૪ |
| ૨૯-૦૪-૧૯ | ખામગામ/યુએસએ | ડૉ. નીરેન લક્ષ્મીચંદ નરપાર નાગડા | તેરા | ૭૨ |
| ૦૧-૦૫-૧૯ | મુલુંડ | સોનલબેન સુરેશ લખમશી શીવજી ખોના | વાંકુ | ૭૨ |
| ૦૧-૦૫-૧૯ | કોચીન | જશવંતી રમેશ જેઠાભાઈ નાગડા | નલિયા | ૭૪ |
| ૦૪-૦૫-૧૯ | જખૌ | જયાબાઈ ગોવિંદજી મૈશેરી | જખૌ | ૮૫ |

## ધર્મ સંદેશ - ૧૩૮ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) સમવસરણ (૪) ગણધર (૬) બાહુ (૭) ગહુલી (૯) કૂમતી (૧૦) પોથી (૧૧) પોસલી (૧૨) બે (૧૪) દોષ (૧૫) લાભ (૧૭) બારસા (૧૮) આનંદ (૧૯) રસ (૨૦) સેસલી (૨૧) મતી (૨૨) નાગકેતુ (૨૪) કર્મ (૨૫) રથ (૨૭) અરનાથ (૨૮) ઐરાવત

**ઊભી ચાવીઓ** - (૧) સહસ્રકૂટ (૨) વસુભૂતિ (૩) રથ (૪) ગહુલી (૫) ધજા (૬) બાહુબલી (૮) સાથી (૧૧) પોષ (૧૩) પારસનાથ (૧૬) ભમતી (૧૭) બાર (૧૮) આલીપોર (૨૦) સેતુ (૨૧) મર્મ (૨૩) કેસર (૨૪) કલ્હારા (૨૫) રતિ (૨૬) શ્વેત

## ઈંગ્લીંશ માનસિકતા નું ઘેલું

બાળક ને ઈંગ્લીંશ મિડીયમ મા ભણાવો, ઈંગ્લીંશમાં વાતો કરતા શીખવો, 'બર્થ ડે'...'મેરેજ એનીવર્સરી' વિગેરે આવા બધા પ્રસંગો ને ઈંગ્લીંશ કલ્ચર થી ઉજવતા જોઇ ને રાજી થાવ...

માતા પિતા ને 'મમ્મા' અને 'ડેડી' કહેતા પણ શીખવો... અને જયારે એજ ઈંગ્લીંશ કલ્ચરથી સજજ બાળક મોટું થઇ ને તમને સમય ન આપે, અથવા તમારી લાગણી ન સમજે અથવા તમને તુચ્છ સમજીને હડધુત કરે અથવા તેનામાં તમને કોઇ પણ સંસ્કારોના દર્શન ન થાય તો બિલકુલ પણ ઘરનું વાતાવરણ ગમગીન કર્યા વગર કે સંતાન ને દોષ દીધા વગર ગામ ના કોઇ પણ બગીચે જઇ ને રડી લેવું....

કારણ કે... બાળક ની પેલ્લી વર્ષગાંઠ ઉપર 'હવન કુંડ મા આહુતી કેવી રીતે અપાય' એના બદલે છરી થી 'કેક' કેમ કપાય એ શિખવનાર આપણે... 'મંત્ર શુ છે તેની તાકાત કેવી છે પ્રભાવ કેવો છે પુજા પાઠના સંસ્કાર આપવા ને બદલે' કડકડાટ ઈંગ્લીંશ બોલતા સાંભળીને રાજી થતા આપણે... પરીક્ષા આપવા જતી વખતે ઈષ્ટ/વડીલો ને પગે લગાડવા ને બદલે 'ઇયતજ્ઞિર કીભસ' કહીને સ્કૂલે મોકલનારા આપણે... બાળક પાસ થતા ઘરમાં સાથે બેસી ને લાપસી જમવા ને બદલે હોટેલમાં કચરો ખાવા મોકલનારા આપણે... આજે બાળક મોટું થાય છે અને પરણે એટલે કુળદેવતા/દેવ દર્શને મોકલવાને બદલે હનીમુન કરવા 'ફોરેન' ની ટીકીટ તેના હાથમાં આપવાવાળા આપણે...

ઘણી એવી અંગ્રેજી કલ્ચર છે કે જેને પગે લાગવા મા શરમ લાગે છે... વાંક કોનો ???

ઈંગ્લીશ ભાષા છે તેને શીખવાની હોય... જીવનમાં ઉતારવાની ન હોય...

આપણે ભારતમાં રહીએ છીએ, ફોરેનમાં નહી. આ યાદ રાખવું અને છેલ્લે કદાચ દીકરા/દીકરીના છુટા છેડા થાય તો ફોરેનમાં તો આ બધુ ચાલ્યા જ કરે... 'English Culture'.

ભારતીય સંસ્કૃતિ ગુજરાતી ભાષા, સંસ્કાર, વડીલોને પગે લાગી સમ્માન આપવુ. વિવેક પુજાપાઠ.. આ બધુ જેને વાહીયાત લાગતુ હોય તેણે કાયમી "VISA" મેળવી લેવો....

**– દામિની વૈદ્ય**

# સુખદ દાંમ્પત્ય જીવનની ૫૦ વર્ષની સુહાની સફર

## Happy Golden jubilee Anniversary



## અ.સૌ. લેખાબેન તથા શ્રી ધનપતિ કુંવરજી મોમાયા

(બારોઇ - જલગામ)

રળિયામણો દીવસ : તા. ૦૯-૦૫-૧૯૬૯

દેવગુરૂની કૃપાથી, વડીલોના આશીર્વાદથી આપે દાંમ્પત્ય જીવનના પાંચ દાયકાની સફર મધુર યાદો સાથે પાર પાડી એ અમુલ્ય ક્ષણને અમે સૌ પરિવારજનો હર્ષ અને ઉલ્લાસની લાગણી અનુભવીએ છીએ.

આપના બાગબાનના મહેકતા પુષ્પો ઉપર આપના અમીભર્યા આશીર્વાદ સદાય રહે તથા આપના દીર્ઘ આયુષ્યની મંગલ શુભકામના પ્રભુ પાસે માંગીએ.

**માતુશ્રી ચંદનબાઇ કુંવરજી વેરશી મોમાયા પરિવાર** (બારોઇ - જલગામ)
**માતુશ્રી પુરબાઇ કુંવરજી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા - મુંબઇ)

પુત્ર–પુત્રવધુ : **અ.સૌ. અલ્પા ભાવેશ મોમાયા**
પૌત્રી–પૌત્ર : **વૃષ્ટી – હર્ષ (દક્ષેશ)**
પુત્રી–જમાઇ : **અ.સૌ. કવિતા જયેશ દંડ** (વરાડીયા - ઘાટકોપર)
**અ.સૌ. યોગીતા મનીષ દંડ** (તેરા - અમરાવતી)
**અ.સૌ. દીપ્તી શ્રેણીક નાગડા** (તેરા - નાંદેડ)
દોહીત્ર–દોહીત્રી : **(હેમીલ – વૃષા – પરીતા – અમન – લીઝા)**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640
Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# કચ્છી જૈન સમાજનું ગૌરવ વધારતી ચાંદની ધનેશ છેડા



ચાંદની ધનેશ છેડા

B.Com, LLB (Hons.), CA FINAL, CS Professional (FINAL)
& MBA Strategic Finance (1st year)

અમારી લાડલી ચાંદની એ ICFAI UNIVERSITY MBA 1st year માં ટૉપ કરીને છેડા તથા વિક્રમશી પરિવારનું ગૌરવ વધારીને ઝળહળતી સફળતાની સિદ્ધિઓ આંબી છે, તે બદલ તેને આત્મીય અભિનંદન...

શુભેચ્છક
ધનેશ મુલચંદભાઈ છેડા પરિવાર, ઈન્દોર

| If undelivered, please return to : | To, |
| --- | --- |
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.